તરંગ માસીકના ગ્રાહકોને ભેટ.

શ્રી.

કપોતાખ્યાન.

અને

આત્માનુભવ ષષ્ઠિ શતક.

કર્તા

મોહનલાલ. વિ. અમરશી શેઠ.

સંપાદક તરંગ માસીક.

રાજકોટ. (કાઠીઆવાડ.)

પ્રથમાવૃત્તિ——પ્રત—૧૦૦૦

સંવત. ૧૯૬૨.——સને ૧૯૦૬

ધી જ્યોતી પ્રીન્ટીંગ વર્કસ અમદાવાદ

મુલ્ય ચાર આના.

તરંગ માસીકના ગ્રાહકોને ભેટ.

શ્રી.

કપોતાખ્યાન.

અને

આત્માનુભવ ષષ્ઠિ શતક.

કર્તા.

મોહનલાલ. વિ. અમરશી શેઠ.

સંપાદક તરંગ માસીક.

રાજકોટ. (કાઠીઆવાડ)

પ્રથમાવૃત્તિ——પ્રત.–૧૬૦૦

સંવત. ૧૯૬૨.——સને ૧૯૦૬

ધી જોષી પ્રીન્ટીંગ વર્કસ અમદાવાદ.

મુલ્ય ચાર આના.

પ્રસ્તાવના.

જ્યારથી નવલ કથાઓ લખવાની નવી રૂઢીએ ગુર્જર ભાષામાં પ્રવેશ કર્યો છે ત્યારથી આવા આખ્યાનો લખવાનો રીવાજ પ્રાયેમંદ જોવામાં આવે છે. આધુનીક અને પ્રાચીન ગુર્જર સાહીત્યમાં કેટલો વિશેષ ફેરફાર થયો છે તે આગળના આખ્યાનો, ભજનો, રાસો, અને હાલની નવલકથાઓની ભાષા સાથે સરખાવતા જણાઇ આવે છે. જો કે સારી નવલકથાઓ આજે દરેક સુશિક્ષિત કુટુંબમાં પ્રીય થઇ પડે છે અને તેના વાંચનથી સમાજને સારો બોધ મળે છે, છતાં એમ તો કહ્યા વગર ચાલતું નથી કે નવલકથાઓના વાંચનથી બુરી અસર નથીજ થતી એમ નથી. અનાચારના અખાડાથી ભરેલી કુતુહળવાળી નવલકથાઓ જેટલી સમાનના લોકો વાચે છે તેના પ્રમાણમાં સરસ્વતીચંદ્રનુ ઉત્તમ નૉવલ ભાગ્યેજ સામાન્ય સ્ત્રી પુરૂષો વાંચવાને આકર્ષાતા હશે. અને તેથી ઉલટું આગળ અને હેક એક બે સૈકા પેહલાં પણ સારાસારા આખ્યાનો જનસમાજને ઘણી ઉત્તમ અસર કરતા અને તે આજ પણ જેટલા અસરકારક અને બોધ દાયક જણાઇ આવે છે તેટલા નવલકથાઓના વાંચન ભાગ્યેજ જન સમાજને લાભ કારક નિવડતાં હશે. આખ્યાનો એ વળી એક બનેલા બનાવનો ખરો દાખલો બેસાડવાનુ ઉત્તમ સાધન મનાય છે, અને તેમાં નવલકથાની પેઠે કૃત્રીમ ભાવનું દર્શન બહુધા બહુ જુજ કરવામાં આવે છે અને

તેથી તે સુજ્ઞ જનોના મુખપર હમેશા નિવાસ કરતા રહીને તેના અંતઃકરણમાં તે આખ્યાનોમાં વર્ણવેલા મુખ્યપાત્રની સરીખની ઉંડી છાપ જ્યારે ત્યારે પડી રહે છે અને તે ઉત્તરોત્તર પ્રજા વર્ગને એક સારામાર્ગ દોરે છે.

જૈન વર્ગના મહાન આચાર્યો અને પંડીતો પણ આ આખ્યાનની રૂઢીએ રાસો રચી ગયા છે અને સાહિત્ય પરીષદમાં ખુલેખુલું કહેવાયું હતું કે આવા રાસો, ઢાળીઆં, પદ વગેરેથીજ ગુર્જર સાહીત્ય જળવાઈ રહ્યું છે. આવા રાસો વાંચવાથી ને મુન્ત કે યતી પાસેથી સાંભળવાથી શ્રોતાઓને જે ઉંડી અસર થાય છે તે સામાન્ય લોકપ્રીય નવલકથાઓથી પણ નથી થતી, ઉદાહરણ તરીકે જૈનોમાં દરવરસે બે વખત એક બે અઠવાડીયા સુધી શ્રીપાળ રાજાનો રાસ વંચાવવાનો રીવાજ છે અને તેનુ તાત્પર્ય એ કે કરેલા કર્મોથીજ મનુષ્ય ઉચ સ્થાતિએ પહોંચે છે અને જ્યાં જાય ત્યાં આખત્ર આખું જગત તેને આધીન થઈ જાય છે તેમાં કોઇના આધારથી કાંઈ વળતું નથી, શુદ્ધ અંતરની નિર્મળ ભક્તીથી મહાન રોગો અને સંસારીક ઉપાધીઓ જળમુળથી નષ્ટ થઈ જાય છે વિગેરે વિગેરે એક નાનુ બાળક પણ સારી રીતે જાણે છે. તો પછી અમોને સહેજ આશ્ચર્ય થાય છે કે આવા આખ્યાનો લખવા તરફ વિદ્ વર્ગ કેમ પ્રેરાતો નહિ હોય અને વાંચકવૃંદ આવા આખ્યાનો વાચવામાં કેમ અરૂચી દર્શાવતા હશે તે કળી શકાતું નથી

અમોએ આજે એ લુપ્ત પ્રાય થએલી પદ્ધતીને ફરી પ્રચારમાં લાવવા આ કપોતાખ્યાન લખી જનસમાજનું લક્ષ દોરાવવા પ્રયત્ન કર્યો છે. જો કે અમારે પણ કહેવું પડે છે કે આ પ્રયાન સર્વશો

ફેરીજુત થએલો નથી કારણકે તેની ભાષા કાંઇ અશ્લીલ, વક્રન આદિ અને કાવ્યદોષથી ભરેલી હોય એમ સહજ જણાઇ આવે છે.

કપોતાખ્યાન પ્રસિદ્ધમાં આવવાનો પ્રસંગ આવશે એવું અમારા સ્વપ્નમાં પણ ન હતું. કારણકે તે સહેજ વીદ્યાર્થી અવસ્થામાં પહેલ વહેલો પ્રયત્ન હતો. તેમાં ભાષા કરતાં ભાવ જણાવવા તરફ લક્ષ આપેલું છે અને તેપણ અસ્તવ્યસ્ત જેવું થઇ ગયું છે. છતાં તરંગ ના આશ્રયદાતા ગ્રાહકોને તે જેવું તેવું ભેટ આપવા નિશ્ચય કર્યો અને તે પ્રમાણે તે આજે પ્રસિદ્ધિમાં આવવા પામ્યું છે.

કપોતાખ્યાનનો વિસ્તાર પૂર્વક સાર ભાષારૂપે આપવા પ્રથમ વિચાર હતો પરંતુ માંદગીને લીધે અને ગ્રાહકોની અતીશે ઉતાવળને લીધે તે બની શક્યું નથી. વળી એમ પણ ધાર્યું કે ભાષા ઘણી સરલ હોવાથી ને સામાન્ય માણસ પણ સારી રીતે સમજી શકશે. છતાં આ આખ્યાનમાં મુખ્ય ભાવ દયા અને દ્રઢતાનો દર્શાવ્યો છે. મેઘ રથ રાજાએ પોતાનું વચન પાળવા માટે જે અપૂર્વ દ્રઢતા દર્શાવી છે તે ઉપરથી સાધારણ માણસને પણ ઉત્તમ બોધ લેવાનું મળી આવે છે. સિંચાણા અને કપોતરૂપે આવેલા બંને દેવોની કસોટી મેઘરથ રાજાએ જે આત્મ ભોગ, શૌર્ય અને દ્રઢતાથી દર્શાવી છે તે એક એવા મહાન સમર્થ પુરૂષ સિવાય અન્યથી બની શકતું નથી.

વળી વાંચનારાઓને કંટાળો ન આવે અને રમુજ પડે માટે સ્થળે સ્થળે દ્રષ્ટાંતો આપી સહજ વિસ્તાર કર્યો છે આ કપોતાખ્યાન જૈન સિવાય અન્ય સંપ્રદાયમાં પણ પ્રસિદ્ધ છે તેમાં શિબી રાજાને સો યજ્ઞ કરતા આ કપોત અને સિંચાણારૂપ દેવોએ તેની દ્રઢતા

અને ઇલા ભાતની પરીક્ષા કરી હતી. માટે આ કપોતાખ્યાન સાર્વજનીક ઉપયોગી થઇ પડશે એમ અમારૂ માનવું છે.

વળી કેટલાએકને આ કપોતખ્યાન કંઇક નિરસ લાગે તેવાઓને માટે આ પુસ્તકના પાછળના ભાગમાં આત્માનું ભવ પક્ષી શતકનો અધ્યાત્મીક અને દ્રવ્યાનુ યોગનો વિષય જોડયો છે. તેથી પણ અમારા વાચકો કંઇક ગ્રહણ કરી અમારો પ્રયાસ સરલ કરશે

તરંગના ગ્રાહકોને આ વખતે ત્રણે પુસ્તકો ધારવા કરતાં નાના કદના અને જમાનાની લેખન શૈલીરહીત તેમજ ઓછા રહસ્ય વાળા આપ્યા છે. પરંતુ આવતા વર્ષે મોટા સાગ અને બુદ્ધીવૃદ્ધી જાતના એટલે એક મોટું નોવેલ, એક ઓઓપયોગી, એક સામાજીક અને નૈતિક તથા બનશેતો સામાન્ય ધાર્મીક એવા ત્રણ કે ચાર મોટા કદના પુસ્તકો આપવા નિશ્ચય છે તેથી મારા સુજ્ઞ ગ્રાહકો અમારા સાહસમાં ઉત્તેજન આપશે એવી આશા છે.

આ પુસ્તક કવીતા રૂપે લખ્યું છે પરંતુ તેમાં કાવ્યકૃતીનું લેશ પણ રહસ્ય નથી. તોપણ વાંચકો દોષ તરફ લક્ષ નહિ આપતાં ગુણ ગ્રાહી થશો એવી નમ્ર વિજ્ઞપ્તી છે.

શ્રી. તરંગ. ઓફીસ.
રાજકોટ.
તા૦૧ – ૯–૧૯૦૬

મોહનલાલ. વિ. અમરશી. શેઠ.
સંપાદક તરંગ માસીક

શ્રી

કપોતાખ્યાન.

સ્ત્રગ્ધરાછંદ.

અરે જે નામ જેનું, નિશ[1]દિન સ્મરતાં, સર્વ વિઘ્નો હરાયે,
જે છે સર્વાંતરાત્મા, જગજન ધ્યાતા, પરમ ધારા ભરાયે;
જે સદ્ભક્ત તરંગી, ભવ ભય હરતા, આપતા મુક્તિ પદ્મા,[2]
તે શ્રીમદ્ જીનેંદ્રો કરયુગ[3] શિરસા, વંદીએ પાદ[4] પદ્મ. ૧
શ્રીમદ્ સદ્ ગુરૂ પાદ, પંકજ[5] તણી, સેવના મુક્તિ દાતા,
જે નિષ્કામ[6] સદૈવ, નિજ ગુણ રમે, સદ્બોધ બીજ પ્રદાતા;
જે દાંત[7] પ્રશાંત, ગુણી ગુણ ધરતા, કલ્પ[8] વૃક્ષોપમાના,
નિર્લેપી નિજ, ધ્યાન તાન રસમાં, મગ્ના ગણે જગ સમાના. ૨

માલિની.

કમલજ[9] તનયા[10] શ્રી, શારદા આદિમાતા,
કરતલ ધર વીણા, શોભતી જ્ઞાન મતા,
તુજ નિજ ચિત ધ્યાઉં, વાગ્વિનોદે[11] રમાતા,
ગુણી ગુણ ગણ ગાતા, સ્ફૂર્તી દે શિઘ્રમાતા.[12] ૩

---

૧ હમેશાં ૨ મોક્ષરૂપ લક્ષ્મી ૩ બે હાથ જોડી મસ્તક વડે, ૪ ચરણ કમળ ૫ કમળ ૬ ઇચ્છા વગરના ૭ ઇંદ્રિયોના વિકારને રોકનાર ૮ ઇચ્છીત પદાર્થ આપનારૂં વૃક્ષ ૯ બ્રહ્મા ૧૦ પુત્રી ૧૧ વાણી ૧૨ ત્વરત

શાર્દૂલ.

વંદું સંત સુશાંત સાધક સદા, સદ્ગુ ભાવ વાની જના,
વંદું અકલ નિરકલ મુકિત મગના, ધ્યાઉં સદા સજ્જના,
શ્રોતા સાવધ થઇ સુણો શુભમતી, આનંદ દાયી કથા,
જાણો જગની તજી મનથકી, સગો દુરે વિકથા[૧૩] .૪

ચોપાઈ.

જંબુ દ્વીપ પૂરવ વિદહેં, વિજય પુષ્કલવતી નામ લહેં,
નગરી પુંડર ગીણી શોભાસાર, વરણવતા જસ નાવે પાર; ૫
અલકાપુરીનો અલગી થઇ, સ્વર્ગ પુરી સુણી સ્વર્ગે ગઇ,
લંકાપુરી જલથી ઝંપલાય, નામ સુણી જસ કંપે કાય; ૬
કિલ્લા કોટ અનેક પ્રચંડ[૧], વહેસરીતા[૨] અતી ઉદંડ[૩],
મંદર[૪] સમનગ[૫] કેઇ ઉતંગ[૬], ઝાડી ઝુંડ તરૂ અતીજંગ[૭] ૭;
વિધવિધ વૃક્ષથી શોભીત જુઓ, બાગ બગીચામાં જુઇ સુઓ,
કીરયુગલ કેયલના નાદ, શ્રવણ સુણી અંતર આલ્હાદ[૧૦], ૮
પાદપકુંજ[૧૧] દીસે છે કિયાં, પુંજ લતાદીક નાગણીયાં;
ગગને અંગ[૧૨] ગીરીના[૧૩] અડયાં,નભમંડલ[૧૪] જલધર[૧૫]શું ચડયાં,૯
ગાજે મેવ રથ નામે રાય, ચક્રવર્તી પદવી શોભાય,
વાજીત્ર નોબત વાજે અતી, સેવ કરે લાખો ભુપતી[૧૬] ૧૦
સુરનર મલી ગાવે ગુણગાન, ચોસઠ સુરપતી[૧૭] માને આણ,

---

૧૩ સ્વથ વગરની વાર્તા.

૧ મોટા ૨ નદી ૩ પૂર જોસમાં ૪ મેરૂ ૫ પર્વત ૬ ઉંચા ૭ મોટા ૮ પોપટ ૯ જોડું ૧૦ આનંદ ૧૧ વૃક્ષની ઘટા ૧૨ શીખર ૧૩ પર્વતના ૧૪ આકાશ ૧૫ વાદળાં ૧૬ રાજા ૧૭ ઇંદ્ર

લક્ષણ એક સહસ્ર ને આઠ, માનું દિવાકર[18] ઊગ્યો ઠાઠ; ૧૧
પ્રજા સૌખ્ય વિનોદ કરે, બહુ ધર્મે ધાન્ય કોઠાર ભરે.

કાળ કરાળ ન જાણે નામ, નીતિથી કરતા સહુ કામ. ૧૨
પૌષધ વ્રત લેવાને કાજ, એકદિન ચાલ્યા જગ મહારાજ,
આભૂષણ ઉતારી સર્વ, આવ્યા દેશવટો દઈ ગર્વ. ૧૩

પૌષધ[19] શાળા કીધ પ્રવેશ, આસન માંડી બેસે નરેશ[20],
યોગીશ્વર જીમ ધ્યાને લીન, યોગ સમાધિમાં પરવીન; ૧૪

વ્રત ઉચરે શુદ્ધ આતમ સાખ, મનો વિકાર સરવ દૂર રાખ,
ધરમ પરમ ઉપદિશે રાય, ધરમ સનેહિ આવે ધાય; ૧૫

અખિલ[21] જગતમાં કોનહિસાર, ધરમ પોત[22] તારે સંસાર, *
એહ સમો જગ કો નહિ મીત, એ અવલંબી સાધો હીત; ૧૬

તન ધન યૌવન જગના સુખ, મુજ મન લાગે મોટા દુઃખ,
પરીણામે હોવે જો દુઃખ, તો કેમ કહીએ તેને સુખ. ૧૭

જે સુખ પ્રગટે સહજાનંદ[23], અવિચલ પદવી પરમાનંદ,
હું મારૂં કરી દૂર કલંક, આતમ વિતરાગી નિકલંક; ૧૮
ભટક્યો ભવ માંહે બહુ ભાવ, લંપટ થઈ ખામી બહુ લાજ,
કીધા લાખો તેં અભિલાખ, આખર હાથે રહી રાખ. ૧૯

દશ દિશ ચાલીસ રત બેચાર, ગિનતાં લાગી નહિ કંઈ વાર,
અર્થ સર્યો નવી એક નિદાન.[24] ચેતન ચાલ્યો ત્યાં અવસાન[25]; ૨૦

---

* ૧૮ સૂર્ય ૧૯ ધર્મ ધ્યાન કરવાનું સ્થળ ૨૦ રાજા ૨૧ સર્વ ૨૨ વહાણ ૨૩ સ્વાભાવીક આનંદ ૨૪ નિશ્ચે ૨૫ અંત

એળખ્યું કીર્તિ મન કોડ, જગત શેઠની બનીયો જોડ,
જાતે આથી છે સમશાન, ચિત્તમાં ચેતી શિક્ષામાન. ૨૧
માજી તો હજી છે તુજ હાથ, સમજી શોધી લે શુભ સાથ;
ત્યજી સહુ પુદ્ગલ ભાવ, અધ્યાતમરસ મૂળ સ્વભાવ. ૨૨
પુદ્ગલ ક્ષણમાં હોવે નાશ, પરમાતમ પદ શુદ્ધ વિલાસ;
આતમ અનુભવ અમૃતપાન, સિદ્ધ નિરંજન જ્યોત જાણ. ૨૩
શ્રોતા ધ્યાન ધરે એક ચિત્ત, ભવિજન ગુણના સાધે હીત;
મૂરખ મન વિમાસણ હોય, ભવમાં ભટકી ભૂલે સોય. ૨૪
સુબોધ તણી પરતીતીકાર, કૌતુક એક થયું તેણીવાર,
પારેવું આવ્યું એક ધાય, થરથર ધ્રુજંતા તસપાય. ૨૫
વેગે પડ્યો એહ વિહંગ[1], મેઘરથ રાજનને ઉત્સંગ[2],
આવ્યો મધુરી નરવાણ, ભયભીત[3] જાણે જાશે પ્રાણ. ૨૬
રાય બોલે મત તું ડરભાઈ, સંતોષે રહેજે સુખ થાય;
વૈરી તુજ નવિ ઝાલે હાથ, આશ્રય આપું જાણી અનાથ. ૨૭
એમ સંતોષે પક્ષી અધીક, ખેચર[4] તવ હોવે નિર્ભીક[5];
પંખી પાછળ ધાયો એક, સીંચાણો રોશે ભરી છેક. ૨૮
સુણ રાજન પંખી તુજ ક્રોડ,[6] મારો ભક્ષ તું વેગે છોડ;
ક્ષુધા આવી પીડે મુજ અંગ, માટે આપો તેહ વિહંગ. ૨૯
મેઘરથ નરપતી બોલે તામ, સ્વપ્ને પણ કેમ હોવે આમ,
શરણાગત થઈ આવ્યો જેહ, જાયે કેમ જીવે આ દેહ. ૩૦
જે નર પાળે ક્ષતને અનાથ, તે ક્ષત્રી દુર્બળના સાથ;

---

૧ પક્ષી ૨ ખોળામાં ૩ ડરી ગએલો ૪ પક્ષી ૫ બીક વગરનો
૬ ખોળામાં ૭ દુઃખી

ક્ષત્રી નામ લક્ષનું કેમ, માટે કહી હોવે નહિ એમ, ૩૧
નાગમણી અને કેશરીકેશ,[૮] ચામ વિચિત્ર[૯] જે વ્યાઘ્ર વિશેષ;
સતીપયોધર સોળી નાણું,[૧૦] ચડે હાથ જબ છાંડે પ્રાણ. ૩૨
રે સીંચાણા કિંચિત બુઝ, કુર કૃત્ય કરે શું અબુઝ,[૧૧]
પર પ્રાણેથી પોષે અંગ, ખુલ્યા નરકના દ્વાર સુચંગ; ૩૩
જો કોઇ છેદે તારૂં પીછ. અસમાધી તુજને શી પ્રીછ[૧]:
પરના પ્રાણ હરંતા તેમ, દુઃખ જોઇ વધર કરીએ કેમ. ૩૪
પામર પંખી તણો જે દેહ, તેહનું માંસ ભખે મૂઢ જેહ;
કર્મ કઠીણથી ભમશે તેહ, ભવભવ ભોજન થાશે છેહ[૩]. ૩૫
માંસ ભખંતા ઓરનું તુજ, તૃપ્તી ન હોશે સ્થુલ[૪] તુજ ભુજ[૫];
પણ પંખીના જાશે પ્રાણ, મહાવ્યથા તસ અંતર આણ. ૩૬
મહા પરીગ્રહના આરંભ, ભોજન માસ તણું જે અચંભ;
મારે જે પચેંદ્રી સદીવ, નિશ્ચે નરક તણો એ જીવ. ૩૭
કુમતી દુર્જન નરકે ગયો, હિંસાથી ભવ ભવ તે ભમ્યો;
જીવદયાથી સુમતીરામ, સ્વર્ગે સુખ પામે અભિરામ.[૬] ૩૮
સ્વામી કહીએ મધુરી વાત, ઉત્કંઠા સુણવા અવદાત;[૭]
સીચાણાને કરવા બોધ, રાજન ભાખે વાત અવિરોધ. ૩૯
ભારત ભૂમી લક્ષ્મી રૂપ, નગરી કંચન પૂરી અનુપ.
રાજસિંહ રાજન ગુણ નિલો, જગપાળ ભૂપાળ[૮] ભલો. ૪૦
સોની એક વસે તે ગામ, લોક પ્રસિદ્ધ કુમતી તસનામ;

---

૮ સીંહ ૯ રત્ન ૧૦ પૈસો ૧૧ અજ્ઞાની

૧ જાણ ૨ હિંસા ૩ નાશ ૪ મોટા ૫ હાથ ૬ સુંદર ૭ સંપૂર્ણ હેવાલ ૮ રાજા

દુષ્ટ સ્વભાવીને દુર્બંધ, અપવિત્ર ઠામ મળી દુર્ગંધ. ૪૧
જંગલ શોધ કરે ને ભમે, અટવી ડુંગરને નિર્ગમે[૯];
શરીર તરસ પરવેશ જોય, પોટલી બાંધી આગલ હોય. ૪૨
ઘણી ઘડીઓ કંઠે શોષ, જળવિણ જીવને અસંતોષ;
એવે દૂર દીઠો એક કુપ, વેગે જઇ પહોંચ્યો ચુપ ચુપ. ૪૩
દોરી બાંધી ઉતાર્યો હેઠ, વારી શોધી પીવું ઠેઠ;
એવે તુટી સઘળી દોર, હેઠળ પડના લાગ્યું જોર. ૪૪
લોભકને અવલંબી રહ્યો, કુપ પર પોટલી ચિંતા લહ્યો;
તરસ છીપી પણ રોકાયું કાજ, સુઝે ના મન કોઇ ઇલાજ, ૪૫
એવે આવ્યો એક વણીજ,[૧૧] સાથે એક હતો શુભ દ્વીજ;[૧૨]
વણીક વ્યાપારી બહુ ધન દામ, સાથ વિખુટો ભૂલ્યો ગામ, ૪૬
ભરી[૧] વારી મુખથી લવે, લખપતી નાને નીર [૨]સ્રવે;
બ્રાહ્મણ આશ્વાસન બહુ દીએ, વેપારી અંતર નવ લીએ, ૪૭
દ્વીજ ઉપદેશે સુણ હો શેઠ, બહુ દિન કીધી દેવની વેઠ;
હાથ થકી નથી હોવે દાન, આખર જાવું ઘસતા પાન, ૪૮
તન ધન જન વેગે વિખરાય, હાલહવાલ પછી શું થાય;
કરણી કીધી આવે હાથ, પુણ્ય પાપનો લાંબો સાથ, ૪૯
હવે નિયમ કરો જો એક, તો વારી દર્શાવું નેક;
વણીક વદે લાગું તુજ પાય, જલ વિણ કંઠ અતી શોષાય. ૫૦
વારી સર્વે વાત પ્રમાણ, છે તુજ હાથે મારા પ્રાણ;
આપ વિલંબ કરો નહિ જરી, શીર નમે ને દ્રષ્ટી ફરી. ૫૧

---

૯ ઉલ્લંઘે ૧૦ ઘણું ૧૧ વ્યાપારી વાણીઓ ૧૨ બ્રાહ્મણ.
૧ પાણી ૨ પડે ૩ દિલાસો ૪ હાથ

વિપ્ર વખત સાંધીને વદે, વાત કહું તે રાખો હઇડે;
દાનશાળા મંડાવો સાર, ભૂખ્યાને ભોજન નિરધાર, ૫૨
આપો બ્રાહ્મણને ઘી ગોળ, ઉપર પુંગીફળ[૫] તંબોળ;
ગરીબ દીન દુઃખિયા ઉદ્ધાર, અહનિશ કરજો એ વ્યાપાર, ૫૩
વણીક વીસાને લોભી અતી, વખત વિપ્રમ જોઇ ફેરવી મતી;
વાત કબુલજ સર્વે કહી, પુન્ય તણી તમ વાતજ સહી. ૫૪
પણ ક્ષણ ક્ષણ વાધે સંતાપ, મુજને જલતું આણીઆ;
જો આ ચાલી જાશે પ્રાણ, કહો પછી કેમ હોશે દાન. ૫૫
દ્વિજ દર્શાવે તેને કૂપ, ધાયો વેગે વણીક વિરૂપ;
તૃષા પિડીત કુધો થઇ અંધ, કૂપે થયો સોનાર સબંધ, ૫૬
એક મેક વળગીને રહ્યા, અરસપરસ હેરાન કહ્યા,
તીય સોનાર[૬] વદે એમ વાણ, ભૂખ થકી પીડાએ પ્રાણ; ૫૭
કેડે બાંધ્યું ભોજન લેઇ, હર્ષ ભરી સોનારને દેઇ,
સોની કહે ધન ધન તુમ શેઠ, જીવિત દાન દીધું મુજ ઠેઠ; ૫૮
એક દિવસ આવો અમ ગામ, આપો શેવક સરખું કામ,
શેઠ વદે ધન ધન તુમ પ્રીત, જળ પડ્યા તલ ગિંદુરીત; ૫૯
કુમતિ સોના ઘડનો ઘાટ, ઉપરથી દેખાડે ઠાઠ;
એવે ત્યાં આવ્યો તે દ્વીજ, કુપે જોયા સોની વણીજ. ૬૦
અંતર કરૂણા આણી અતી બ્રાહ્મણ ચીંતે આપ મતી.
પાઘડી[૭] ઉતારી શીર, નાખી કુપે બાંધી તીર. ૬૧
વણીક તજે કુમતી સોનાર, ઉપકારી કરનો અપકાર;
તત્પર આવે ઝાલી મેર, વણીક કરે ત્યાં શોરબકોર. ૬૨

---

૫ સોપારી ૬ સોની ૭ પાઘડી

સોની જોઇ થયો સભ્રાંત, ૧ પુછ્યો સર્વ વૃતાંત;
કુમતીના ઠગરે નહિ પાય, વણીક બીચારો કુવે જાય. ૬૩
વેગે ઉતર્યો આકાશ કુપ, સુણ્યો કુમના વણીક વિરૂપ;
* તટપર ચડતાં ચિંતા થાય, કુમતી પાછો આવ્યો ધાય. ૬૪
કુપ તટે આવીને વદે, વિપ્ર વણીક ચિંતા ફિરકે;
જો તટપર પહુંચ્યાની આશ નાખ્યા આભુષણ મુજ પાસ. ૬૫
ક્ષણમાં કાઢું તુમને નેટ, ૪ નાખું સુંદર દોરી હેઠ.
વિપ્ર વણીક સમજ્યો આમ, ? ભુષણ આપ્યો સુખ ધામ. ૬૬
જીવે તે પામે કોઇવાર, જીવ થકી સઘળો સંસાર.
જ્યારે અક્કગાં પ્રાણુને દેહ, ગ ભવ સઘળા સુખનો છેહ. ૬૭
આભુષણ ઉતારી હાથ, સોની જોઇ થઇને સાથ;
દોરી બાંધી કાઢે હોય, તદ્રુપ જોઇ ચીંતે સોય, ૬૮
જગમાં કરશે મારી વાત, લોક મને દેશે બહુ લાત.
મુરખ મન ચિંતા બહુ હોય ઠેલો દેતાં પડીઆ દોય; ૬૯
વિપ્ર લલાટે લાગ્યો પાણ, તેજ ક્ષણે છંડ્યા નિજ પ્રાણ.
પાપી કુમતી નાસી જાય, પાપી મન શી વિમાસણ થાય; ૭૦
વણીક ધરી ૫ તરૂશાખા એક, જપે નીરંજન નમજ નેક. ૬
પંથી આવી કાઢે બાર, માને વણીક અતી ઉપકાર; ૭૧
પાપી પાપ ન આવે અંત મ· તે ઉપગારી સંત.
ભુંડા થાએ હાલ હવાલ, તો પે, નવી સુધરે તસ ચાલ; ૭૨
સુમતી વણીક પહોંચે નિજ ઘેર, દાન કરંતો રૂડીપેર.
ઉપકારી પ્રણમુને નામ, કૃતઘ્ન ગમન કરવે ધામ; ૭૩

---

૨ પાંદળું ૩ કાઢો ૪ નક્કી ૫ ઝાડ

કુમતી સોની પહોંચ્યો ઘેર, ધંધ ચલાવે રૂડીપેર.
સોની સહજ સ્વભાવે ચોર, કુમતી કરે કઠોરને ઘોર; ૭૪
એક દીવસ કુમતીને ગામ, ચોરે લુંટયું રાજન ધામ.
રત્નમણી માણેકના હાર, કુમતિ પાસે લાવે સાર. ૭૫
સોની અલ્પ દીધાં તસ દામ, ચોર સધાવે બીજે ગામ;
મોકલ્યા મણી માણેક હાર, સુમતિને કરવા વ્યાપાર. ૭૬
યુક્તી કરીને પકડ્યા ચોર, વાત ફેલાણી થાએ શોર;
બાંધી તે કુમતી સોનાર, લાવે રાજા તણે દરબાર; ૭૭
માર્યો સોનીને બહુ માર, નીચ હસમી કરે પોકાર.
એવે કુબુદ્ધી સુઝી એક, રાજન વીનવે ધારી ટેક. ૭૮
રાજન વિનતિ કરૂં કરજોડ, સત્ય વદું મિથ્યા સહુ છોડ,
કંચનપુરી નામે ગામ, શેઠ વસે એક સુમતીરામ. ૭૯
ચોરી કરાવી તેણે વળી, નાશી ગયો દોલત સહુ લઈ;
હું પામર નિર્દોષ રંક, મુજને ચડીઉં જુઠ કલંક ૮૦
સુમતી ઉપર નાખ્યું આળ, રાજન બોલાવે તત્કાળ.
જોતજોતામાં તસ ઘરે બાર, મળીઆ રત્ન માણેકનાહાર; ૮૧
મુદ્દા માલ મળ્યો જ્યારે, રાજે હુકમ કર્યો ત્યારે.
ફાંસી લટકાવો એ વણીક, આ અપરાધ દીસેછે અધીક; ૮૨
જગમાં તસ કીર્તી પ્રસીધ, નગર લોક સુણીને બીધ.
બુરૂ થયું એમ સહુ કહે, તેની વાત કોઈ દિલ નવ લહે. ૮૩
બારીક અતી દીસે આ કાળ, સતીઆને દુખની ઘટમાળ;
પાપી પ્રપંચી પેટ ભરે, સાચા જુઠ્ઠામાં ભમતા ફરે. ૮૪
સુમતી સુખ પ્રભુ નામ જપે, વિમલ સકળ અગનીમાં તપે.

ઓશીંગે લટકાવ્યો જ્યાં, બાંધી દોરી તૂટી ત્યાં; ૮૫
ભોંય પરીઆંગ કરતા ઘણું. રજ્જુ તુટે ફાંસી તણું.
રાજા દેખી વિસ્મય હોય, પુછે વાત મળી સહુ કોય: ૮૬
રાજન સહુ સુણી અવદાત, આજ્ઞા દીધી સોનીઘાત.
ઉપકારી નર આપો દેશ, કુમતી .સ ી ન રાખી લેશ ૮૭.
દુષ્ટ રહ્યો ખંચી અસી છેક, આવ્યો વણિક તજી નિજ ટેક;
પાપી સુદ્ધ કરે ન વિચાર, ઉપકારી પર નિત અપકાર. ૮૮
નિર્ધનતા જગમાં અતી ભલી, સજન મિત્ર વિનાના વળી;
અને ખપીએ જગમાં જીમ દ્વાર, સંગ ન હોજો જે ગુણ ચોર. ૮૯
આથી બાન ટળ્યા ન વીટળે, વણીક સુશાલી સ્વર્ગે ચડે;
સોની ભોગવે નરકાવાસ, દુ:ખ દરીયામાં ડુબ્યો ખાસ. ૯૦
અનંત ગમે વધિયો સસાર, હિંસાથી તસ દુખ નહિ પાર;
સાંભળ સીંચાણા તું શોચ, ઊંડુ જરી દીલમાં આ લોચ. ૯૧
શુ નિર્દય પરીણામી થાય, હીંસા કરી ભવ હારી જાય;
અશુભ કર્મથી પખી થયો, તિર્યંચનાં બહુ દુ:ખનું લહયો. ૯૨
ફરી કુકર્મ અહીં દુરમતી, ચાહે દુખભરી નરકગતી;
આવી દુખનો કરતું વિચાર, ચેત ચતુરાઈ ચીતધાર. ૯૩

દોહા.

સાંભળી સીંચણો વદે, સાંભળ હે રાજન;
તું સુખીઓ સુખમાં રમે, ખાનપાન મિષ્ટાન. ૯૪
પરની પીડા નવી લખે, સુખીઆ નર જગ જેહ;

---

૧ દોરડું ૨ તલવાર. ૩ પશુ, પંખી, જીવજંતુ વિગેરે

દુખીઆ દુખમાં રાત્રદીન, ભૂખ્યા ભટકે તેહ. ૯૫
ધર્મ ધર્મ વિચારમાં, વરતે તારૂં મન;
પાપી પેટ પીડા થકી, હોય અનર્થ રાજન." ૯૬
પેટ પીડા અતી વિરૂધ, જગ કતો તસનેહ;
"વાતવિનોદ પછી ગમે, પુરાએ જ્યે પેટ. ૯૭
ભૂખ સમું દુખ કો નહિ, ભૂખ્યાને ન વિચાર;
પેટ પુરતીને કારણે, દુખીઓ સહુ સંસાર. ૯૮
તેં મુજ ભક્ષ છુટી લીયો, પણ મારા શા હાલ;
ક્ષુધા રાક્ષસી પીડની, કોણ કરે મુજ ભાળ[૨]. ૯૯
પંખી દયા દિલમાં ધરે, મુજને દેતો દુખ.
ધન્ય દયા તુજ નમની, ધન્ય ધરમ તુજ લૂખ. ૧૦૦
ભુખ્યાને સુજે નહી, ભક્ષાભક્ષ વિચાર;
કલ્યાકલ્ય લહે નહિ, સાંભળ કહું અધિકાર. ૧૦૧

ચોપાઇ.

જીવદયાના રાગી રાય, પાપ થકી પણ પેટ ભરાય;
પેટ ભર્યા પછી સુજે ધર્મ, ભુખયા પેટ કરેજ કુકર્મ. ૧૦૨
સાંભળજો કહુંછું દ્રષ્ટાંત, તે સુણતાં જાશે તુજ ભ્રાંત;
નિર્જલ મરૂ[૩] દેશે એક કુપ, પ્રીયદર્શન નામે અહી[૪] ભુપ ૧૦૩
કેલી[૧] કરંતો વસે બિલ[૨] માંય, નીર નજીક ચિત્તકુ ઉલસાય.
ભક્ષણ[૩] ભેકતણું મનોહાર, સુખ વિલસે જીમ સ્વર્ગ મઝાર;૧૦૪
ગંગદત્ત નામે દદુર એક, પ્રીય દર્શનનો પ્રેમી નેક.

---

૨ સંભાળ ૩ મારવાડ ૪ સર્પ
૧ ગમત ૨ દર ૩ દેડકાં

મેંડકીનો સ્વામી તેહ, રંગ સંગ વસે ખુબ તેહ: ૧૦૫
ભોગવતા એમ અતી સુખ ભોગ, કાળપરા[૪]વર્તનને યોગ.
બાર વરસનો આવ્યો કાળ, શુષ્ક થયો તે કૂપ રસાળ; ૧૦૬
જળચર જીવ મળે નહિ કોય, પ્રીયદર્શન નો ભૂખ્યો હોય,
અંગદત્ત [૫] કર્દમ ખાઈ રહે, સુખ શાંતીથી વેળા વહે. ૧૦૭
એક દીન સંગે મળીઆ દોય, વાત કરે સુખ દુઃખની સોય.
પ્રીયદર્શન બોલે સુણમીત, મારી પીડ લહે તુમ ચીત. ૧૦૮
અંગદત્ત કહે વાલેસરભાઈ, હેતે વાત કરો ઉલસાઈ;
પ્રીતી ત્યાં પડદો નવી હોય, મનમળતાં છાનું શું જોય. ૧૦૯
પ્રિય દર્શન બોલે શું કહું, ગરજુથકી આઘાકું દુઃખ સહું;
ક્ષુધા વેદના ગંઠી મને, અંગદ મે શું કહું તુજને. ૧૧૦
મૃત્યુ સમાન જરા નહિ કોય. કરજસમી ચિંતા નવી હોય;
ભૂખ સમાન નહિ મો દુખ, ભૂખ ટળે થાએ સહુ સુખ. ૧૧૧
અંગદત્ત ચિત વિમાસે એમ, ભોજન એક તણું આ નેમ;
પણ તસ પીડા થાએ દૂર, એમ ઉપાય કરૂં ભરપુર. ૧૧૨
દર્દુર બોલે મિત્ર ભુજંગ, દુખ રહે કેમ જહાં અમ સંગ;
આપું ભોજન રસભર રોજ, ખાઓપીઓને કરો નિત મોજ. ૧૧૩
સ્નેહિ સબંધોમાંથી એક, આપે ને રાખે નિત ટેક,
મિત્રતણી એ બજાવી રીત, એમ થયો એક માસ વ્યતીત. ૧૧૪
માત તાત ભાઈ ભોજાઈ, કાકા મામાને પિતરાઈ.
સાસુ સસરાને મેળાઈ, સ્નેહિ કાજે ત્યાગી સગાઈ; ૧૧૫

---

૪ ફેરફાર ૫ કાદવ ૬ દેડકું ૭ સર્પ ૮ સર્પ ૯ દુઃખ

દોહા

ધન્ય ધન્ય તે જગ પ્રીતડી, જેવી દુધને નીર.
આપ છતાં નિજ બંધુને, ઉપજાવે નહિ પીર; ૧૧૬
સજ્જન જન જાણે નહિ, દુર્જનની ગતી ભાત.
ચાલ ન જાણે ઉરગની, વીણુ ભુજંગની જાત; ૧૧૭
ખલ સંગત નવ કીજીએ, જો કરે ધાના લાખ.
મીઠો થઈ આવી મળે, ફળ કીંપાકની સાખ; ૧૧૮
અમર અગનીમાં ક્ષેપાઓ, કરે સુગંધ પસાર.
ચંદન જીમ ઘસીએ ઘણું, શીતલતા વીસતાર; ૧૧૯
સજન અતિશે દુહવ્યો, નાખે હિયડે ડંશ;
સ્વર મીઠો તો આપશે, છેધો ભેધો વંશ. ૧૨૦
શ્રમ પડે કૂદી ચસે, કળીમાં જુઓ કુજાત.
સ્વારથ જોઈ આવી મળે, ખાયે મારી લત; ૧૨૧
માખણ સજ્જન એકમાં, સજ્જન અતી સુકુમાળ.
તાપે માખણ ધરી પછી, સજન તપે તત્કાળ. ૧૨૨
સોનું સુપુરૂષ ચંદના, આપણ પીડ ખમંત;
જીમ જીમ કસવટ[1] જાણીએ, તીમ ઉપકાર કરંત. ૧૨૩
સ્વાર્થે સહુ કો દુઃખ સહે, પણ પરમાર્થે કોય;
પરદુઃખે દુખીઆ હુવે, તે જગ વિરલા જોય. ૧૨૪

ચોપાઇ

એમ સગા ને સબંધી અનેક, આપે ભક્ષણ કાજે એક;
શ્રીકદર્શન સહુ લીધા ભોગ, હવે ભોજનનો કોનહિ જોગ. ૧૨૫

---

૧ કસોટી

દિન બે દિન અપવાસી ગયા, ભૂખ્યા પ્રાણજ કંઠે રહયા;
ત્યારે વિમાસે તે મનમાંય, હવે કરવો કોઈ ઉપાય. ૧૨૬
અંગદત્ત પાસે જઈને વદે, ભોજન મારો કાં દું નહે;
જીવ જાએ લહીશું દુજ પ્રાણ, ભુખ્યા નત રહેવાએ જાણ. ૧૨૭
અંગદત્ત ચિતમાં કરે વિચાર, સકલ જીવ કીધો આહાર;
અપકારી એ નીચ ભુજંગ, ખાવા ધારે મારૂં અંગ. ૧૨૮

દોહા

સંગત કીજે જોઈને, પછી વિમાસણ નોય;
સ્વારથી સંગત જે કરે, તે નર મૂરખ હોય. ૧૨૯
સુખમાં સ્નેહિ સો મળે, નિજ સ્વારથને કાજ;
સુખ દુઃખના સાથી હુવે, તે જગ વિરલા આજ. ૧૩૦

ચોપાઈ

ભુખ ન જુએ ગાઢ સંબધ, ભુખ્યા પ્રાણી કરે કુરબંધ;
હવે મારો આવ્યો છે કાળ, હાથે વળગાડી જંજાળ. ૧૩૧
હવે યુકતી કરૂં એક એવ, જેથી ઉગરે મારો દેહ:
અવસર આ ચુકવો નવ ઘટે, બુદ્ધીથકી વિપદાઁ વિઘટે. ૧૩૨
ગંગદત્ત નમ્ર થઈને કહે, અમ બેઠા શી ચીંતા લહે:
જો કેઈ જીવ અહીં નવ હોય, યુક્તિ કરીશું બીજી કોય. ૧૩૩
કીય દર્શન ચિત્તમાં આતુર, યુકતી તે દર્શાવો દુર;
જીમ મુજ અંતર શાંતિ હોય, નહિંતર નાશ તમારો જોય. ૧૩૪
સુણ મુજ સ્વામિ તારે કાજ, સરીતા તટપર જઈશું આજ;
જળચર જંતુ લાવું અધીક, ભુખ તણી તુમ જાશે બીક. ૧૩૫

---

૨ દુઃખ ૩ દુર થાય

પણ અહીંથી જાવું કેમ બાર, ચિંતા તે ચિતમાં વીસ્તાર;
નાગાદે લાવી ઉત્સાહ, મિત્ર બતાવું તુજને રાહ. ૧૩૬
અંતરનો સ્નેહી એકકીર, તેહની સંગે જાજો વીર;
તે તુજને લઇ જાશે બાહાર, કાજ કરી આવો ક્ષણવાર. ૧૩૭
ચિતમાં હરખે સુણતાવાત, ગંગદત કહે સાંભળજો ભ્રાત; ૧૩૮
કાજકરી આવ્યો હું ફરી, લાગે ન લેશ વિલંબ જરી.
પ્રીયદર્શન બોલાવે કીર, કામ પડયું છે તારૂં વીર;
કીર કહે વેગે કરૂં તેહ, જેમ વાધે તુમ અધીકો સ્નેહ. ૧૩૯
ગંગદતને લઇ જાઓ ધીર, સરીતા તટ જ્યાં ઝાઝું નીર:
જળમાં કામ કરીને સહી, સાથે વહેલા આવો અહીં. ૧૪૦
ગંગદતને લઇ ઉડયો કીર, જઇને મુકયો સરીતા નીર;
ઉભો રાહ જુએ ફરી ફરી, ગંગદત કેમ દીસે નહિ જરી. ૧૪૧
ગંગદત પાસે પોપટ જાય, વાલમ વાર ઘણેરી થાય;
ભુખ્યા છે પ્રિયદર્શન સ્વામ, વેગે ચાલો સાધી કામ. ૧૪૨
દર્દુર બોલે સાંભળ કીર, વાત વિચારી કીજે વીર;
જે ચીતમાં ન લહે ઉપકાર, સંગત તેની જાણ અસાર. ૧૪૩
ભુખ્યા પ્રિય દર્શનનો સંગ, કરતા આતમ દેહ વિભંગ;
પ્રિયદર્શનને કહેજો જઇ, ગંગદત કુપે નવે સહી. ૧૪૪
જો આવું રાખી વિશ્વાસ, તો નિશ્ચે હોવે મુજ નાશ:
અંતર સ્નેહથી દાખું તને, જાશો નહિ પ્રિયદર્શન કને. ૧૪૫
ભુખ્યા નવી જુએ ઉપકાર, ભૂખસમા દુખને ધિક્કાર;
ભુખ અને ડાકણ એ બે, કદી કોના જગમાં નહિ તે. ૧૪૬

---

૧ જલદી ૨ રસ્તો

જંગમાં અજબટને તે ઠાર, આવ્યો પાછો ફરતો ધીર;
ઓરદર્શનનો મૂક્યો સંગ, છૂટ્યો મોત થકી એ સિંહ. ૧૪૭
શીઆળો રાજનને કહે, ભૂખ્યો ધર્માધર્મ ન લહે;
મુજને અતી સંતાપે ભૂખ, ભૂખડલી નિષ્ઠુર દે દુઃખ. ૧૪૮
માટે સંતોષો મહારાજ, મારો ભક્ષ દીઓ મુજ આજ;
ક્ષુધા વેદના પ્રગટે દાહ, આ જીવ જાએ સાંભળ રાહ. ૧૪૯
શ્રોતા સાવધ થઈને સુણો, આગળ રસ મીઠો છે ઘણો;
કપોતાનું આખ્યાન રસાળ, શ્રોતા મોહન મંગળ માળ. ૧૫૦

ભુજંગી છંદ

શચાણા વદે શાંત આપે ન કાયા,
દિયો મુજ કપોત કાયા સુરાયા:
સુધાથી અતી પીડ એ મેઘરાજે,
ત્યારે ભક્ષ દેવ ક્ષુધાને હરીને: ૧૫૧
દયા દાનને કીર્તિ તારી ઘણી છે,
જરી ના કરૂણા શચાણા તણી છે;
સહો ભક્ષ મારો દયા કે' દીસે,
આપે ચીબડાં વાડનો કોણ રીસે; ૧૫૨
વદે મંત્રી જો નાથ થયો ગતાનો,
કરો કુમરે' સત્નને કીર્તિ દાયો.
વચનાથી સીંચાણો! સદા દૂર કીજે,
સુણી વાત એ મંત્રીની લોક રીઝે; ૧૫૩
સીંચાણો! વદે ધન્ય આ ધન્ય દીસે,
જુઓ મંત્રી માલેકને ઊપદીસે;
અહો નામ આનો દયાનો નમુનો,
રહે કીર્તીમાં કાંઈ મંત્રી જુનો; ૧૫૪
વદે નાવ છે નામ એનું સુણોજી,
ધર્મને ધરી ધ્યાન કાજે વિશુદ્ધી;
સુણી નીર એ વાતથી શેન ભારી,
અહ ૫ વાતો વદીક્કે વિચારી; ૧૫૫
જુ રાય નામા સગા સુમુનાદી,
સુણ જનાં આજ દુઃખ-દ્રી થાઈ;

ક્રિયાભ્રષ્ટ અનેક મૌલવીજ હોવે.
કરીકી થઇને પરાચાર જુએ; ૧૫૬
જાહેર શંભુ વળી નામ કહાય,
અમેને મિષે પૂછતા કેઇ પ્રશ્નો;
બધા નામ જુદા નથી એક દીસે,
ધરાવે કુબુદ્ધિ કરે કામ રીસે; ૧૫૭
સુમંત્રી બહુ દેખીઆ વિશ્વ માંહી,
અહો આ સુબુદ્ધિ સમા એક નાહી;
યુગે તીન એ વાતને નાય જ્યાંહી,
કહો રાજ સેવ્યો વધે કેમ ત્યાંહી: ૧૫૮
હવે વાત એ કંઈ હૃદયે ન આણી.
પુરો કામના જાણી અન્નાર્થી પ્રાણી,
વિચારો તમે રાય થાશે હવાલા;
જડ્યો ભક્ષ જાતા ઉઠે છે જવાળા. ૧૫૯
દિયે ભક્ષ જઠ્ઠરાગ્નિ માંહેય શાંતી,
અતી દૃષ્ટ વેઠી થઇ ભક્ષ પ્રાપ્તી:
અહો જો ઝુંટાવે ગળ્યો ભક્ષ ભારી.
કહો રાજ નીતીજ કેવી તમારી, ૧૬૦
વદે રાય જો ખાક પૃથ્વી સમ કે;
યદીમાન સંતન કેરા જમાકે
પયાથી યદી । દુનીયા ડુબાવે
કદી ક્ષેત્ર ભૂમીજ અગ્ની જગાવે; ૧૬૧
કદી કાળ યોગે ફુંકે અન્ન વિષ્ટા.
વર્ષા હોય નાકાશ પાતાલ દંડા,

ગ્રહી ભૂપની વા અતીતી કરેજે;
કદાપી ન બુઝ્યોજ ખાયેજ ધુંનો. ૧૬૨
ભરી થાલ આપું સદા ભોજનોનો,
ભર્યા ભાવથી ભાણું આણું અનોનો,
સુખેથી રહો ને ચહો તેહ માગો;
બચાવો સુપક્ષી દયા પંથ લાગો. ૧૬૩
કહે શ્યેન આમીષ[3] વીના હમારે,
કદી રાય આહાર ચાલે ન ભારે;
દિયો ભક્ષ એ છેજ આધાર મારો.
હવે તો ક્ષુધાથીજ વેગે ઉગારો. ૧૬૪
અહો કેમ રાખી રહે ટેક મારી;
દઉં શીરીતે માંસ પ્રાણીજ મારી.
વિચારો કરે છે તિહાં મંત્રી બોલે,
મરેલાં તણું માંસ આપોજ તોલે; ૧૬૫
સિંચાણો વદે એમ સંતોષ નાહી.
નહી અન્ય પંખી તણું માંસ આંહી
દિયો તો જુએ પંખી આ ભક્ષ મારો;
બચાવો મુકી અન્ય સર્વે વિચારો. ૧૬૬
વળી જીવતા પંખીનું માંસ આપો,
ક્ષુધા ટાળીને રાય કીર્તીજ સ્થાપો;
મરેલા તણું માંસ કલ્પે ન મારે,
દિયો માંસ છેદીજ પંખી અતારે. ૧૬૭

---

૧ ઇચ્છા ૨ સમુદ્ર ૩ માંસ.

મરાયે કહો કેમ નિર્દોષી પ્રાણી;
હણું નાત્રકી હું કહી દોષ જાણી.
વિચારે ચડ્યો આ કસોટીજ ટણું,
મુકી સત્ય ના અન્ય વાતોજ જાણું; ૧૬૮
કહ્યો નીચ જે દોષ વીનાજ મારે,
વળી સ્વાર્થે કાજેજ સામાન્ય ધ.રે,
ટળ્યા શ્રેષ્ટ દોષીતને જે ઉગારે:
હવે શ્યેન કપોત આધાર મારે. ૧૬૯
સુપારી સુડીની વચ્ચે આવી જાણી,
કરૂં શું વિચારો કરે રાય નાણી[1];
સમો આવીયો સાચની શી પરીક્ષા.
સુણો સાવધાના થઇને સુ શિક્ષાર, ૧૭૦

વિકટ વખત આવી આડયો,
હવે મેઘરથ સુ વિચારે ચડ્યો;
મન ચિંતે કરવું હવે કેમ,
નવી દુહવાયે પરતન તેમ, ૧૭૧
નિજ તનુ[3] છેદી આપું માંસ.
જીમ સિંચાણો ત્યાગે ત્રાસ,
પંખી કપોત રહે સુખ માંય;
આ પારનો છે એજ ઉપાય. ૧૭૨
રા વદે સાંભળજે શ્યેન,
[illegible] આમીષ દઉં દેન[4];

૧ [illegible] ૩ શરીર ૪ સાર.

એથી અધિક તુજને જે જોય.
ભાવી આપું ક્ષણમાં સોય. ૧૭૩
શીંચાણા વદે એમ નહોય;
આમીષ પંખી સમ તુલ જોય,
તોલી આપો ભારોભાર.
ધન્ય કહું તુજ તો અવતાર; ૧૭૪
તુલા નંગાવે તેણીવાર.
દ્દઢતા રાયની અપરપાર.
પારાવત મુકયો એકકાર,
નિજતનું છેધું તીખાંછોર. ૧૭૫
ધીરજધારી અતી ઉલ્લાસ.
ત્રાજુવે મુકયું નિજમાંસ;
છેદી છેદી મુકતા જાય.
પણ નવી તે સમતોલજ થાય. ૧૭૬
દેવ માયા આ અચરીજ એક,
સરીખા તોલ હુવે નહિ છેક;
ખંડ ખંડ છેદીને દેહ,
મુકે દ્દઢ પરીણામી તેહ. ૧૭૭
તોપણ નવી હોવે સમ્તોલ,
રાજન ધીર વદે નહિ બોલ;
ભાવી ભાવ ટલ્યું નવ ટળે,
સત્વ થકી નવી સંત ચળે. ૧૭૮

---

૧ ત્રાજવું ૨ ટચુકાર ૩ છરી

રાજન સંકોચી નિજ અંગ,
આળુંવે બેઠો ધીર ચંગ;
આગળ વીકટ વખતની વાત;
એતા સુણજો રાત પ્રભાત. ૧૭૯

(રાગ બાર મહિનાનો).

અંતે ઉર ભલી કરેરે પોકાર, સુણો શુભ રાજીઆ;
રોકરોઈ સઘળે પરિવાર, લેતા માંડે છાજીઆ. ૧૮૦
જીવિત ત્યાગ કરો કોણ કાજ અકારજ આચરો;
એક પંખી તણા વચનેજ જીવિત ત્યાગ શું કરો. ૧૮૧
દીઠી એવી દયા જાય આજ, તજો નિજ કાયને;
ઉપકાર તણી હદ હોય કીજે શું રાયને, ૧૮૨
સાહસ ના કરશો મહારાજ હઠીલા ના થશો.
તુમ વિણ અમ કોણ આધાર, તનુ નવ છેદશો. ૧૮૩
હાહાકાર કરે સહુ લોક, નયન ધારા ખરે;
પણ રાજન સત્ત્વ અડોલ ચિત્તહું નવી ફરે. ૧૮૪
વાલેસર આનંદુતા આજ તપે અમ છાતીઆં;
અમે નામ તમારૂં રાજ, જપી દીન રાતીઆં. ૧૮૫
એહ દેવ તણો પરકાર, દિસેછે કારમો;
કહો કાપોતમાં હોમ કેમ કદી બાર બારમો. ૧૮૬
પટરાણી રાણીઓ અનેક અને મંત્રીસરા,
વળી પુત્રો કરે છે પોકાર, સુણજો નરેસરા. ૧૮૭
હે જગત જીવાડણહાર તમે પ્રાણાધાર છો;

કહ્યું આમ અવગુણ કોપ લઈ કેમ લાગો છો. ૧૮૮
જોયા મળીઓ નગરજન વૃંદ, હૈયા પોકારનો;
અતી સાહસ જોઈ લોક, નિઃશ્વાસા નાખતો. ૧૮૯

ભુજંગી છંદ.

વદે ભૂપતી ધીરધારી હામે
સુણો સજ્જનો કીજીએ કામ ર નામે;
ફરે પૂર્વ કર્મો થયો ચિત્ત જાણી,
વૃથા શોક ને મોહ ર કાજે ન પ્રાણી, ૧૯૦
દયાભાવ એ ધર્મનું તત્વ છાજે,
કરે જ્ઞાનવંતા પરોપકાર કાજે,
તરે આપ સંસાર ને અન્ય તારે
કરુણા નદીના પ્રવાહે ઉતારે. ૧૯૧
અરે થાય કાયા તણો નાશ કોદી,
પછી કાજ સધી લહોને સુબુદ્ધી
કરો મોહ શાને વિનાશીજ કાયા,
કરી કાર્ય શો કાજ આવી સમાયા. ૧૯૨
કહ્યો વિત્ત નો સાર દીજે સુદાનો,
વદે સત્ય વાણી તણો સાર માનો
ભણ્યો સાર કીર્તી તણો જો પ્રસારો
કહ્યો દેહનો સાર છે ઉપગારો. ૧૯૩
ધરી લાગ ખરે મનો આજ લોકો

---

૧ ઉત્તમ કામ ૨ હર્ષ ૩ ધન

નહીં તે લહે પ્રાણ ભલા સુયોગે;
અજ્યો આત્મા કર્મ યોગે સદાઈ,
સખાં કષ્ટ કેઇ જાય નહીં માંહી. ૧૯૪
હવે તો રહુ આત્મ ધ્યાને સુજાને.
જશે કર્મના પાસ તો દુર સ્થાને,
ધરીને સમાધી અહો એક ધ્યાને
થયો લીન રાજા ચિદાનંદ જ્ઞાને. ૧૯૫
પિતાજી વિચારીજ કીજે કૃપાળા
તજે દેહ એવા કહો કાં દયાળા,
સિંચાણોજ પાપી પ્રભુ દુર કીજે
કપોતા તણી તો દયા ચિત્ત લીજે ૧૯૬
દશા પંખીની આપ ચિત્તે વસે છે,
કરુણા અગારી હૃદેથી ખસે છે
જુઓ લોકના થોક ભાવે ભજે છે,
ગણી આપ આધાર આશા તજે છે. ૧૯૭
પિતાજી રહી મીનરૂ વારીર વિનાનું
સતીનાથ વિના રહ્યું કેમ છાનું
કુમુદીનીજ ચંદ્ર વિનાનું નસોભે
તજી જીવન તો કેમ આલોક થે છે. ૧૯૮
ત્વરે રી [illegible] પંખીકું હે સુરાયા
ક્ષુધા [illegible] પંખ જાય ક[illegible]યા
[illegible] ધરીયોગ ભારી
[illegible] કહે છે પુકારી. ૧૯૯

શાર્દુલ.

બોલે પુત્ર કપોત તામ દિપતા સત્કીરતી દુરે ટળે
કીધા પુણ્ય અનુપ સર્વેહી ત્વરે જાતા ન લાગે ગળે
તે માટે યદી શ્યેન નાસિત વચને જાવે કહો ભુપતી,
તો આ પામર દીન પંખી તણી હોવે ખરે સદગતી. ૨૦૦

વસંત તિલકા વૃત.

તોડો કપોત ચિતની ભય શૃંખલાને,
હાંકો ત્વરીત વિપિને પ ઝર આખલને૬
જોડો અપાર કીર્તી જગ ચીર જીવો,
રક્ષા કરો રાય નિત પ્રગટી સુદીશે. ૨૦૧

શાર્દુલ.

પૂર્વે રાવણને તજી બભીખણો જાવે શ્રીરામા કને,
રાખો તો ચિર કાળ રાજ્ય અર્પ્યું અન્યથિ રાવણ હણે
રાજાએ નુજ ધર્મ રક્ષણ કરો જે હોય શરણે સદા,
દુષ્ટોને કરી દુર હે જગપતી ભોગો પ્રભુ સંપદા. ૨૦૨

ભુજંગી છંદ.

વદેપુત્ર વાણીજ એવી પિતાને,
સુણી શશાણુર. ચિત્ત પ્રકાપર આપે
વદે કોપથી રાયને શ્યેન પક્ષી,
કહો રાય આ કોણ મારો વિપક્ષી.૩ ૨૦૩

---

૧ માટલું ૨ પાછી ૩ ચંદ્ર વિકાસી કમળ ૪ કંચન ૫ વનમાં.
૬ દુષ્ટને.

આસ ઉદર વિષે જઠરાગ્નીની વ્યાપી,
જુઓ વિધ આ શું કરે છે પ્રતાપી
તેજસ્વી પણું દીસે સુવિચાર કેરો,
કો તો કહો એ ગુણવંત બેરો. ૨૦૪
વદે રાય એ ધર્મરથ પુત્ર મારો,
છે જ્યેષ્ટ કૌશલ્ય જ્ઞાને વધારો
પક્ષી કહે કેમ બોલ કુવાણી,
મારી દયા ચિતે જરી કેમ નાણી. ૨૦૫
જુઓ નામ રમ્ય બહું ધર્મ ધોરી,
પરંતુ ચઢે ચિતનાં પાપ જોરી
યથાર્થે દીઠો રાય બુદ્ધી પ્રધાન,
તેથીજ ધર્મ તવ આત્મજ આ નિધાન. ૨૦૬

શારદુલ.

મારી આ જઠરી ક્ષુધા પ્રસરતી અત્યંત તે ના મટે,
દાદા ત્યાં પણ ધર્મ વિઘ્ન કરતો મારી દયાનો હઠે
બોલો ભૂપતી પુત્ર વાક્ય સુણતા શું રે હવે હું કરૂં,
જુઓ પક્ષી કહે અધર્મ અનીશે હુંતો ઉપાશી મરૂં. ૨૦૭

વસંત તિલકાવૃત.

બાધી બહુજ જબરી મજ ભૂખ ચિંતા,
તુંનો અધર્મ વચનો પર ધાર ચિતા
આ તો ક્ષુધા બહુજ પાપણી દુઃખ દેતી,
મારોજ દેહ પડતા રહે પ્રાણ ચેતી. ૨૦૮

---

૧ સીંચાણો ૨ ક્રોધ ૩ દુરજન ૪ પુત્ર

ચોપાઇ.

એમ વદતો અતી દીન વાણ,
પંખી પડયો તરફડતાં પ્રાણ;
મુર્છીત થઇ પડતો ક્ષીતીપરસેન,
ફુટે આંખ્ય પ્રાણ અચેન. ૨૦૯
ક્ત્રીમર પણ દેખાયે સત્ય.
ભયભીત રાજન જોઇ અકત્ય;
સત્વર એહ જગાડો લોક,
હાહા પ્રગટે મુજ ચિત શોક. ૨૧૦
વેગે શાંત કરો જરા શાણ.
એહ જીવે રહેશે મુજ પ્રાણ;
ખકરી કાઢું પેટું ઊંટ,
મુજ પાપીને દૈવજ રૂઠ ૨૧૧
રાય કહે કરવું હવે કેમ,
અહો અહો રહશે કિમ નેત્ર,
મંત્રી કહે રેડો મુખ નીર,
પુત્ર કહે ઢાળો સુ સમીર.૩ ૨૧૨
વેગે જઇ આણો વૈદરાજ,
એહ જીવે હોશે મુજ કાજ;
ત્યાં સુધી કરશું અન્નનો ત્યાગ,
સંકટ દુર કરો વડ ભાગ. ૨૧૩
મંત્રી લીધો પંખી હાથ.

---

૧ જમીન ઉપર ૨ જાન.ચક્ષુ ૩ શીતળ પવન

કરે હાહાકાર સહુ સંગાથ
રામ રટે સીંચાણો જીવ,
આપું સૌખ્ય તમ જસ દીવ. ૨૧૪
રાય કહે કરવો શું ઉપાય,
જેમ સીંચાણો બેઠો થાય;
આપી કપોત કરો એહ શાંત,
લોક વદે ભાગે સહુ ભ્રાંત. ૨૧૫
પણ રાજન મન માને નહિ,
કેમ કરૂં એ અકારજ સહી;
શરણાગત પામર કપોત,
એ જતાંજ અકારજ હોત. ૨૧૬
લોક મળી કરતા ઉચ્ચાર,
રાજન દો કપોત આહાર;
નહિં તો ક્ષણમાં મરશે શ્યેન.
સાચ જશે રહેશે નહિ વેણ, ૨૧૭
કપોત ચિંતે પ્રગટી ઝાળ,
ગજ પાપીનો આવ્યો કાળ.
મ્લાન મુખે રાજાને કહે,
હે દીનબંધુ સાર લહે; ૨૧૮
સાંભળ મમ અંતરની વાત.
મારો વાસ વિપિન વિખ્યાત,
બાળક ભૂખ્યા રોતા ચાર;
ચારો લેવા કીધ વિહાર. ૨૧૯
થાક્યો ફરી ફરી મધ્ય અરણ્ય,

આરો જુજ ગળ્યો શુભ ધાન્ય,
તે લઈને જાતોતો ઘેર.
જાગ્યું પૂર્વ જનમનું વેર, ૨૨૦
પૂર્વ કર્મના માંડયા લેખ;
તેમાં કેમ હોવે મિન મેખ.
લાગ્યો પાછળ આ રીપુરાગ,
ભયથી નાઠયો આવ્યો ધાય; ૨૨૧
ગામ શહેર ઉલ્લંઘી દેશ,
આવ્યો રાજન તુમ સન્તેશ
ત્રાસ દીયે છોડે નહિ મને;
તુજ વિણ વાત કહુ કિણકને. ૨૨૨
લોક વદે તિમ કરશો રાજ,
શામુજ હાલ ગરીબ નિવાજ;
સ્વાર્થીઆ જગમાં સહુ લોક.
જાણુંતા પ્રગટે ચિત્ત શોક, ૨૨૩
સ્વાર્થ કરાવે પરની ઘાત,
સ્વાર્થે સ્નેહી સહુકો થાત.
મીઠી જીભને અંતર મેલ,
જગનો જોજ અજાઅબ ખેલ. ૨૨૪

છપ્પો.

*સ્વાર્થ જુ[illegible] [illegible]ાર, કાર્ય અકાર્ય જુએ નહીં;

---

*આસે

સ્વાર્થે થકી પરભાત, તાત [1] પ્રીત તોડે સહી;
ગણિકા ચાહે યાર, ધનજન વધ પીણી કરે;
દુઃખીઆ છુટે એમ, ત્યાગે જબ સ્વારથ સરે;
સ્વારથ હોશે લેશ. પ્રીતી કરશે જગ સહુ,
કહે મન મોહનલાલ, સ્વારથ વિણુએ સબ લહુ; ૨૨૫
સ્વાર્થે કરાવે વેઠ, સ્વારથી નિચને જઈ નમે;
વીણુ સુંગધી ફુલ, ષટપદ [2] અંતર ના ગમે;
રાજહંસ માન સચહે, ત્યાગી સબસર નીર;
સત્વ ગઈ તજે સુત, માતપિતા મન પીર;
સ્વાર્થે મળીઓ જગ સહુ, પાર નહિ વિખરાય;
કહે મન મોહનલાલ, સ્વાર્થે વિના ન સહાય, ૨૨૬

ચોપાઇ

સજન જાણો નિશ્ચે સહી, સ્વારથથી મળીઆ સહુ અહી;
સ્વારથ ગયે સન્મુખ નવી કોય, વાત મધુરી ભાંખુ સોય; ૨૨૭
નગર શ્યામપુર નામે ભણું, સુખ સંપત નરનાથ ઘણું;
શાશી મૃગના વૃદ વને, ફરે ચરે તે કુંજ કને; ૨૨૮
તે નગરીમાં હે અજ્ઞાન, ભીલ વસે રાક્ષસ ઉપમાન;
વ્યસન આહેડાનું [3] અતીતામ, પાપ ઉપે કરતો તે કામ; ૨૨૯
નિશદિન મારે પામર જીવ, ઉપજાવે સંતાપ સદીવ;
મૃગયામા [4] માને નહિ દોષ, પાપ કરી માને સંતોષ; ૨૩૦
મુઢ મુરખ થઇ બોલે એમ, મૃગયામાં કહો દોષજ કેમ;
રમત ગમતમાં કરીએ કામ, તેમાં લેશ ન પાપનું નામ; ૨૩૧

---

૧ બાપ ૨ ભમર ૩ શીકાર ૪ શીકાર

સ્થાવર જીવ ડરે અતીવ જ. દયા નહિ એ મુરખ જાણ;
પરદુઃખે તો અનુભવ નહિ લેશ, ચિન્ત સ્વછંદી માન વિશેષ; ૨૩૨
એક સમે મૃગયાને કાજ, વનમાં તે આવે ભીલરાજ;
ધારેલા શાસ્ત્રો નિજ હાથ, મનમાં ધરે પ્રાણી ઘાત; ૨૩૩
આગળ જાતાં દીઠો વાઘ, સબળ પુષ્ટ અંગે અતી ક્રધ;
જોઈ વાઘ અતી વિકરાળ, વૃક્ષપરે ચઢીઓ તત્કાળ; ૨૩૪
પાદપ ઉપર વાનરી એક, દીઠો વાઘને ભયભીત છેક;
ભીલ વળી બીધો મનમાંહી, કેવા નર મુખ ફાડી ખાય; ૨૩૫

પણ વાનર બોલાવે તામ,
સ્નેહે સન્મુખ આવે આમ;
બંધવપર જેમ જાગી પ્રીત;
તેવી દીઠી વાનરી રીત. ૨૩૬
હરખ્યો ભીલ અતી આનંદ
જાતે વાનર પણ ન ફુંદ;
સનમુખ જઈને બેસે તેહ,
વાત વાતમાં વાધ્યો સ્નેહ. ૨૩૭
વાનર વિશ્વાસે ઉત્સંગ,[૨]
બેસાડે ભીલને મન રંગ;
મસ્તક લઈને જોવે કેશ,
સુતો ભીલ નિદ્રા[૩] સન્તેસ[૪] ૨૩૮
વાઘ તરુ નીચે ટગટગે,
પણ ઈલાજ ન એક મળે;

---

૫ વૃક્ષ. ૧ વૃક્ષ. ૨ ખોળો ૩ ડાળી ૪ પાસે

ફરી ફરી આવે ને જુએ,
ઉંધો જ્યારે બીલ સુએ. ૨૩૯
બીલ ઉંઘે ને તાણે શ્વાસ,
થાક્યો સુનો શ્રમથી ખાસ;
જાણી વાઘ વિચાર કરે,
યુકતી રચીને તે ઉચરે. ૨૪૦
સુણ વાનરી જાણું મુજ બેન,
મુગ્ધા માની લે મુજ કેણ;
કીજે કાજ વિચારી કોય,
પાછળથી ન વિમાસણ હોય. ૨૪૧
બીલ કતધ્ની જાને નીચ,
સંગત છેહ દીઓ અધવીચ
એને કરવો શો ઉપકાર.
બીલ અતી મૂરખ સરદાર. ૨૪૨
જે ઉપકાર તણા હોય જાણ,
ચાકરી કીધી તાસ પ્રમાણ;
ઉપકારીપર જે અપકાર,
તેહને કરવો શો આભાર. ૨૪૩
માનવી જગમાં અતી ગુણ ચોર,
માણસથી ગુણ જાણે ઢોર;
સાંભળ વાત કહું રસાળ,
સાંભળજો રાખી એક ખ્યાલ. ૨૪૪

---

૫ ભોળી.

દોહા.

ભાખ વળી સુણ વાનરી, નગર એક મોઝાર;
વણીક વૃંદ[1] અતી ઘણું, અંતરમાં ઉદાર. ૨૪૫
વણીકુમાર વિચાર યુત, શિવશંકર જસ નામ;
તીરથ જાત્રા કારણે, અટકે ગામોગામ. ૨૪૬
મારગમાં મળી આવિયો ભીલ એક શીવદાસ;
જવર તસ અતી પીડા કરે, અંતર ઉઠે ત્રાસ. ૨૪૭
ક્ષુધા પિડિત તે આરડે, કહે આવ્યા પ્રાણ;
વિપ્ર જોઇ મન ચિંતવે, દીન દયાળુ સુજાણ. ૨૪૮
વેગે વારી[2] લાવીઓ, તરસ મટાડી તાસ;
ઓષધ અનુપમ આપીને, દૂર કરે તસ ત્રાસ. ૨૪૯
વળી વિશેષ સેવા કરે, મારગ કીધો સંગ;
દુર્ગમ અટવીમાં જઇ, દીધું સુખસુચંગ. ૨૫૦
ખાનપાન ખવરાવીને, દેખાડયું તસ ગામ;
સાથે જઇ તે ભીલને, પહોંચાડે નિજ ધામ. ૨૫૧
આગળ જતાં વણીકને, મળીઓ દુર્બળ શ્વાન[3]
ક્ષુધીત દુઃખી તે દીનનું, કોઇ ન રાખે ધ્યાન. ૨૫૨
કરૂણા ધારી વણીક એ, શ્વાન તણા જોઇ હાલ;
દયાદ્ર થઇને આપીયું ખાણું ખુબ રસાળ. ૨૫૩
મુદિત[4] થઇ પૂંછ હાલવે, કરતો નવ નવ ગેલ;
રંગુચંગ આનંદમાં, ભમે રમે ખુબ ખેલ. ૨૫૪
આગળ અટવીમાં જતાં, દીઠો અશ્વ[5] અનાથ;

---

૧ ટોળાં ૨ પાણી ૩ કુતરો ૪ ખુશી ૫ ઘોડો

ઉદર રોગથી દુ:ખીઓ, એકીલા વિણુ સાથ. ૨૫૫
શુભમતી વણીક નજીક ગયો, જાણ્યો દુખનો હેતુ,
ઉપચારો કીધા ઘણા, અશ્વ સગાંથી હેતુ. ૨૫૬
ઘાસ લઇને નાખ્યું, કીધો અશ્વ સતેજ:
આગળ વનમાં વીચરે, હૈડે ધાર્યો હેજ. ૨૫૭
સંધ્યા થઇ તમ૧ પસરીયું પ્રણામ કુંયો સૂર્ય
જગ જંગ્ધુ વનવીશે, ન સુણે જન નુર. ૨૫૮
કાયર અંતે થઇ ગયો, થાકયો ભારી હામ;
શું કરી કારજ કરૂં, દેવું જો ઘટે ગામ ૨૫૯
નથી દીસતુ અહીં કઇ. ગયું સુર્યનું રાજ,
આરૂઢ દેવ પ્રયાણથી. અંધકાર સામ્રાજય. ૨૬૦
ભૂખ નિવારણ કાજને. બેઠો આસન પાણુ૨
કાઢે ઘોડા ઢેખરાં એવે અચરીજ જાણુ. ૨૬૧
ચારચોર પૂરા બળ્યા, ભૂખ ગઈ તસ દૂર
ગભરાઈ ચોગમ જુએ દીઠા ચોર નિઠુર. ૨૬૨
જે ભીમમેં ઉગારીઓ તે જઇ લાવ્યા ચોર
તેહને જોઇ ચિંતવો, આ અપકારી ઢોર. ૨૬૩
ધિક ધિક એના જીવીતને ધિક તસ દુર્જન ચાલ
અહો અવિચારી મુઢતું હાલ પુરા સંભાળ. ૨૬૪
ભીલ વદે ધાટો કરી લુંટો એક વર્ણીજ
ઊભા જુઓ શું તમે એક શિકાર બનીજ. ૨૬૫
ચોરો વળગ્યા ચો દિશી ક્ષુધિત વણીક બહુ રોય
કીધા શોરબકોર ત્યાં, વિકટ વખતને જોય. ૨૬૬
હુમેં આપ ઉગારીઓ, પાઈ દુધ ભુજંગ૩
મુજને ડસવા આવીઓ, ધિક દુર્જનનો સંગ. ૨૬૭
સાંભળી શોર બકોર તે, શ્વાન ધણીને આય

---

૧ અંધકાર ૨ પથર ૩ સર્પ.

અહો ઉપકારી વણીકને ચોરો લુંટી જાય. ૨૬૮
ક્રોધ કરીને શ્વાનતે, કરડે ચારેચોર
મુર્છિત થઇ ભુમી હળે, હાથ ઘસંતા ઢોર. ૨૬૯
અશ્વ તણું ચિત ચમકીયું વેગે ધસતો આય
ઉપગારી એ વણીકને મારગમેં પહોંચાય, ૨૭૦
શ્વાન ધસ્યો અટવી વિષે માણુસ શોધ્યા દોય
ચોર પ્રહાર કરે અતી, બાંધી લીધા સોય. ૨૭૧
વણીક દયા દિલમાં ધરી, વદે મનોહર વાણુ
મા મારો એ ચોરને દોષ નહિ તસ જાણુ. ૨૭૨
મત હણજો એ બીલને, બંધન છોડો તાસ
જીવીત દાન જો આપશો તો ઉપગારી ખાસ. ૨૭૩
દીલમાં કરૂણા લાવીને, છોડાવ્યો શિવદાસ
દુષ્ટ ગયો નિજ ગામમાં, ઘાત ચઢી વિશ્વાસ. ૨૭૪
અટવી ઓલંઘી સુખે, વણીક કરેજ પ્રયાણુ
બહુ તીરથને વાંદતો, ફરી આવ્યો તે રાન. ૨૭૫
એહ વિકટ વનમાં વસે, સિંહ સબળ વિકરાળ
ઝાડી ઝુંડને જંગલો, ત્રાસ ઉડે તત્કાળ. ૨૭૬
ચિન્તા વાઘ વરૂ વળી, સાવજ સીંહ શિયાળ
વાનર રીંછને હરણીયા, ભયાનકો દે ફાળ. ૨૭૭
વણીક ભુલ્યો વનમાં ભમે, હઇડામાં અરીહંત;
ઘોરનાદ સિંહનો સુણી, ચિંતે આવ્યો અંત. ૨૭૮
દીઠો સન્મુખ આવતો, સબળ એહ વનરાજ;
ભયભીત થરથર કંપતો, દીઠો કાળ અવાજ. ૨૭૯
સીંહે જોયો વણીકને, દ્રષ્ટી વણીકની જાય,

હૃદય શુન્ય ભયભીત થયો, થરથર કંપે કાય કાય. ૨૮૦
વનપતી સનમુખ આવીયો, પોકંગનો નિર્ઘસ;
ફ્યામણુ મુખ રાખીને વણીક નજીક તે આય. ૨૮૧
અતી ભયભીત તે વાણીયો, આ અચરજને જોય
જગપતી ૨ કરૂણાસાગરૂ ઉર્મીત અંતર હોય. ૨૮૨
પોકંગતો નિજપાયતે દરશી વેદ પ્રમાણ
પાય ઉઠાવી બતાવતો, વંછે દુખની હાણ. ૨૮૩
ચકીત થઇ તે વાણીઓ, હઇડે ધારે હામ
વનપતી ચરણ ગ્રહો કરી, કંટક દીઠો લાબ[3] ૨૮૪
યુક્તી કરીને કાઢીઓ, પીડા ઉપશમ થાય
ગેલ કરી સીંહ ચાટતો, વૈદ તણા કરપાય. ૨૮૫
મુખ મુદ્રા દરશાવતો, અંતરમાં ઉત્સાહ
તુજ ઉપકાર ન વિસરૂ, આડો નિત્ય રાખું ચહ, ૨૮૬
અટવી પાર ઉતારતો, તેહ વણીક વનરાય
અંતર ભક્તી ભાવથી કષ્ટે ત્રિભુવો ણાય, ૨૮૭
પહોંચ્યો વણીક સ્વ ધામમાં, ભોગવતો સુખ ભોગ
ધર્મ ધ્યાન શુદ્ધ જ્ઞાનને ધરતા સમાધિ યોગ. ૨૮૮
જે ભીલને ઉગારીઓ, તે આવ્યો તસગામ
તોડી નૃપ ભંડારને, લીધા રત્ન તમામ. ૨૮૯
હાર અમૂલક રત્નનો, ચોરી લાવ્યો એક
તેહ વણીક પાસે જઈ, બોલે દુર્જન છેક. ૨૯૦
ભાઈ અમૂલક હાર આ રાખો તુમ સાન્નેધ્ય

---

૧ સીંહ ૨ સીંહ ૩ કાંટો ૪ હાથ પગ.

જાઈ પરદેશે આવશું. ધન લાવિશું વિશેષ. ૨૫૧
સરળ સ્વભાવી વણીકતે, રાખે આપણુ હાર
દુર્જનની ગતી નવી લહે, સજ્જનના સુવિચાર. ૨૫૨
રાય સબળ યોદ્ધા ફરે, પકડયા સર્વે ચોર
નરપતી સનમુખ આણીયા કરતા સોરબકોર. ૨૫૩
રાયે માગ્યો રત્નગે તે મુંકતાવલ હાર.
રત્ન મળ્યા પણ હારતો, બીજી કરે ઉચ્ચાર. ૨૫૪
સજન અમપામર અતી, કુડું કર્યે ન કીધ;
પણુ શીવદાસ વણીકજે, ચૌર્ય કૃત્યે પ્રસિદ્ધ. ૨૫૫
હાગ દુકાળ અતી ઘણા, જ્યારે પડીઆ દેશ:
ભટકી ભૂખે માગતા, ઘરઘર ભિક્ષ શેષ. ૨૫૬
તોપણુ પેટ ભરાયના, આણું ચિતમાં મોત;
ગૃહીણી બાળક ચારતો, ટરવર ટરવર જોત. ૨૫૭
સુવા ન મળે ઓટલો, ખાવા ન મળે ધાન;
પાપે જ્યાં ઉભા રહ્યા, જાણ્યું આ અવસાન. ૨૫૮
એ દુખનો તો પાર નહિ, કથીઓ કદીન કહાય;
રાજન અનુભવ લેશથી, કિંચિત અટકળ થાય. ૨૫૯
એક વીકટ વખતે જુઓ, સાંભળ રાય સુજાણુ;
ત્રણુ દીવસની ભૂખથી, કંઠે આવ્યા પ્રાણુ. ૩૦૦
છેયાં છોરૂ ઉછાંછળાં, ભૂખ્યાં પાડે ચીશ;
કંટાળી હું નીસર્યો, જાણ્યું હું ભટકીશ. ૩૦૧
શ્રીમંત શેઠો હાટડે, સુતા લાંબી સોડ;
ત્યાં જય રીત વાણી થકી, બોલ્યો બેકર જોડ. ૩૦૨

ને.ધારા આધારછો, પામર દીન દયાળ:
પણ પૈસો જો આપશો, તો જાસે આ કાળ. ૩૦૩
બાળો મારી કાઢતા દેત ન કુટી બદામ;
હાટેહાટ ફરી વળ્યો ભટક્યો ગામેગામ. ૩૦૪
આખર હું ભટકી કરી, ઊભો થઇ નિરાશ;
ત્યાં મુજને બોલાવીઓ, એક વણીક નિજપાસ. ૩૦૫
પૂછી મુજ દુઃખ વારતા, દીન થઇ મેં કીધ;
તે મુજને દરશાવનો, યુક્તિઓ વિધ વિધ. ૩૦૬
છેવટ છટકીને કહે, જો સુખ ચાહે લેશ.
તો ફાડો ભંડારને, દોલત આપું વિશેષ. ૩૦૭
ચિત અટકે પણ પેટમાં, સહેવાયે નહિ ભૂખ;
કાંતો મરશું ફાંસીએ કાં જાસે બન દુઃખ. ૩૦૮
તિણુ ચાલે હે રાજવી ! કીધું ચૌર્ય કુકર્મ,
રત્ન હતા આમ હાથમાં, ભાંખ્યો સઘળો મર્મ. ૩૦૯
મુક્તફળનો હારનો, રાખ્યો એણે પાસ,
જાઓ જુઓ તમ ધનવિષે, સત્ય વદું હું ખાસ. ૩૧૦
જપ્તી વણીક ઘરપર ચડી, નિકળ્યો અમુલકહાર;
રાયે તે મંગાવીઓ, ક્રમ થયો પુરવાર. ૩૧૧
ક્રોધા વેશે રાયજી, કીધો એમ ઠરાવ;
ભૂખ્યા સિંહજ આગળે, દુષ્ટ દિયોને જાવ. ૩૧૨
લોક મળી વિસ્મય થયા, અનીતી અયોગ્યજ થાય;
બહુ બારીક આ કાળમા, સજ્જન અતી દુહવાય. ૩૧૩

નિગડ ૧અખ઼ા બાંધીયા, નિર્દોષી ને ખાસ;
અહો દુર્જન એ ભીલથી, પાપ વણીકને ત્રાસ. ૩૧૪
સતીઆ દુખીઆ ચિત્તું ફિરે, કોઇ કરે નહિ સાર;
સાચા શિવશંકર સાં આવે નગરી બહાર. ૩૧૫
નિર્જન ચોક વિશાળનાં, મળીઆ આખો લોક;
વિષમ વેદના પેખતા આવે થોકે થોક. ૩૧૬
હાહાકાર કરે જનો સમજ અંતર ભેદ;
અરસપરસ એમ બાલતા, આ નિર્દોષી અભેદ. ૩૧૭
હુકમ થયો નૃપની તણું, લાવ્યા વણીક બહાર;
તેહ સપાટની મધ્યમાં, નમો વિણુ આધાર. ૩૧૮
સ્મરણ કરે પ્રભુ નામનો, બીજી આશ નિરાશ;
ભાવી ભાવ બને સહી, ચિન્તમાં ચિંતે ખાસ. ૩૧૯
દોષ નહી એ ભીલનો, પુર્વે કરમના લેખ;
સચિત સાર અસારજે હોવે નહિ મિન મેખ. ૩૨૦
નિંદે પૂરવ કરમને, ધારિ શુભ પરીણામ;
ધ્યાન સમાધી યોગમાં, ઉભો તે નિષ્કામ.[2] ૩૨૧
એવે ત્રણ દિનનો ભુખ્યો, સિંહ સબલ વિકરાળ;
છોડયો તેહ વણીકપરે, ધસીઓ દેતો ફાળ. ૩૨૨
દેશી વિદેશી લોકના યોગમ મળીઆ થોક;
ચિત ચમકે તન થરથરે મુદ્રાપર અતી શોક. ૩૨૩
શાંત સૌમ્ય યોગમ દિશે, કોઈ કરે ન ઉચ્ચાર;

---

૧ સખ્ત ૨ ઇચ્છા વગરનો.

એની દુરસ્તા હારથી, ખાસ ઉડે અંગાર. ૩૨૪
એવું આચરીજ અદ્દભુત થયું, વિસ્મય પામે લોક;
વનપતિ જોઈ વણિકને, સ્થંભ્યો તે સ્થીર થોક. ૩૨૫
વિછડ્યા વહાલાક્રમ મળે, કાળાંતર સંજોગ;
તેમ મળે વનરાજીઓ, ઉપકારી અત શોગ. ૩૨૬
ચાટે ગેલ કરે અતી, જેમ બાળક નિજ બાપ;
કૌતુક જોઈ પ્રસરીયો, હાહાકાર અમાપ. ૩૨૭
રાજન ચિંતે ચિન્તમાં. કૌતુક આ કોય;
દીવસ ઘણુનો ક્ષુધિતઆ, શાંત કહે કેમ થાય. ૩૨૮
તેડાવે નૃપ વણીકને, જાણ્યો સકલ વૃતાંત,
ભીલ કુકર્મી કાઢીઓ, દેશ નિકાલ અભ્રાંત. ૩૨૯
શ્વાન અશ્વને પશુપક્ષી, ભુલે નવી ઉપકાર;
માણસ ગુણ જાણે નહિ, ભીલ કૃતઘ્ન ગમાર. ૩૩૦
ભા:શ્રવણી વળી બહુ કહે, રે! વાનરી આ લોય;
માણસથી પશુ અતી ભલા, ગુણ વિસરે નહિ શોય. ૩૩૧
દે નાખી એ ભીલને, કોકટ રાખે બાર;
એ દુર્ગતીના દુઃખથી, થાય અનિષ્ટ વિચાર. ૩૩૨
વાનરી મનમાં ચિંતવે, દુષ્ટ બાલ આહેર;
મુજ બચ્ચની ઘાતને, ચાહે તેહ નિઠુર. ૩૩૩
જે મુજબાઈ બધ રચો, સુતો ધરી વિશ્વાસ;
તેની સંગત છાંડતાં, ધિક' મુજ તનમાં શ્વાસ. ૩૩૪

વિશ્વાસે જગમાં જુઓ, માનવ ભવ વિખ્યાત;
ધિક જનનીએ તે જણ્યા, જે વિશ્વાસી ઘાત. ૩૩૫
વાનરી મન નિશ્ચળ રહી, વાઘ થયો જ નિરાશ;
આડો અવળો ભટકીને, ફરી આવ્યો તરૂ પાસ. ૩૩૬
ઉંચી દ્રષ્ટીથી જુએ, જાગત જોયો ભીલ;
કુંવે વાનર અંકમાં, વાઘ વદે જ્યું વકીલ. ૩૩૭
રે ભીલ સુણ મુજ વાતડી, આ વાનરની જાત;
છેહ દિયે પલમાં ફરી, સત્ય કહું છું બાત. ૩૩૮
વીંખું વામા વાંદરા, એની વાંકી જાત:
હસે રમે પણ કોદિને, ક્ષણમાં કરશે ઘાત. ૩૩૯
સંગત કીજે જોઇને, કનક પાત્રક જીમ જોય;
જીમ દુઃખ સુખમાં સાથ તે, પશ્ચાતાપ ન હોય. ૩૪૦
ભીલ સુણો એક વાતડી, વાનર કેરી આજ;
મુરખ સાથે પ્રીતડી, ક્ષણમાં થાય અકાજ. ૩૪૧

ચોપાઇ

ભરતખંડનું ભુષણ શેષ. ૧
મનહર દેશ કલીંગ વિશેષ,
ભુપતી ભારે ભાનુ તેજ;
પ્રજા તણું હિત હૈડે હેજ. ૩૪૨
મહીપતી મૃગયા ક્રીડન કાજ,
વનમાં વિચરે સાથે સાજ;
શાલી વૃક્ષના વૃંદ જીયાં.
વનચર પ્રાણી વિચરે તિયાં; ૩૪૩

મૃગા મૃગી કરતા કલ્લોલ;
ભમે રમે આનંદી અમોલ.
બાધ વરૂ ને ભુનપતી વસે,
સાબર શેર શીયાળ ધસે; ૩૪૪
ચકલી પોપટ કાળાકાગ.
બગતા નકુળ અને કો નાગ;
સ્થાગચર જંતુ જીવ અપાર.
ફરે ચરે જન્મે સંસાર. ૩૪૫
મનુષ્યતણો સંચાર ન હોય,
ઝાડો ઝરણુ વહેતાં જોય;
કોકીલ કીરતણા શુભ નાદ.
તેથીણુ બાત વિનોદ ન સાદ. ૩૪૬
એવી અટવીમાજ વિહાર
નરપતી મૃગયા ગાઢો પ્યાર.
એને મર્કટ મળીઓ એક,
માણસના ગુણ ધારે છેક; ૩૪૭
રાજન અંક આસન કીધ.
ગેલ કરે નાચે વિધ વિધ,
વહાલ કરે પિતુ પાસે સુત;
તિમ મર્કટ રમમાણ અદ્ભુત. ૩૪૮
વાનરની આ અદ્ભૂત રીત,
ભૂપતી મુદિત અતી કીધ પ્રીત;
સાથે તેડી લાવ્યા ઘેર.

પુત્રપેરે પાળે શુભપેર, ૩૪૯
ક્રીડા કરતો મોટો થયો;
શીક્ષણ સેનાની નું લીધો.
અસી ધારીને પહેરો કરે,
અહોનીશ ભૂપતી રક્ષણ કરે; ૩૫૦
નિવડ્યો નિમકહલાલ અતી.
અંગરક્ષક થાપે ભૂપતી,
શય્યા પાલક થઇને રહે;
રક્ષા કરતો પીડા સહે. ૩૫૧
પણ કુળપતી સાંભળજો વાત,
જાતી સ્વભાવ કદી નવી જાત;
એક દિન અંધારી મધરાત.
રાજન સુતો રાણી સાથ, ૩૫૨
મર્કટ જાગ્રત જોતો રહે,
દોયનયન નિદ્રા નવ લહે;
દીપક ઝગહળનો ઘરમાંય,
એવે વિષમ વડેરૂં થાય. ૩૫૩
મક્ષિકા બેઠી નૃપ મુખ,
મર્કટ દીઠી ત્યાં સનમુખ;
કુપિત થઇ મારે તલવાર
રાજન મુખલાગે તે વાર ૩૫૪
મક્ષીકા ઊડી ગઇ દુર,
ઘાત થયો પનો નિષ્ઠુર
પ્રગટો હાહાકાર અમાપ.

વાનરને હેતા સહુ અપ
ભકતી ખરી વાનરની હતી ૩૫૫
કોઇ ન જાણે અંતર ગતી
આખર મર્કટ જાતી સ્વભાવ
નિશ્ચે તે ભજવે નિજ ભાવ. ૩૫૬

દોહા.

વાઘ વદે કુળપની સુણો, વાનરનો વિશ્વાસ;
કરવો કદી નહિ કોઇએ આખર હોવે નાશ. ૩૫૭
માટે સમજુ જ્ઞાનમાં સમજાતું સસનેહ
જો જીવ વહાલો હોય તો નાખો વાનરી તેહ. ૩૫૮
ભીલ ભુલાવી ભાનને વ્યાઘ રહયો ચુપચુપ
વિશ્વાસે તે વાનરી સુતી શાંત સ્વરૂપ. ૩૫૯
વાઘની વાત સુણી કરી ભીલ થયોજ નિરાશ .
નિશ્ચે વાનર જાતનો નવી કરવો વિશ્વાસ ૩૬૦
એમ ચિંતી તે નાખતો વાનરી વાઘની પાસ
કપડી જાગે ક્ષણુ વિષે વ્યાધ્રે ઝાલી તાસ. ૩૬૧
રેરે પાપી ભીલડા ધિક ધિક તુજ અવતાર
તુજને મેં ઉગારીઓ તેનો આ ઉપગાર, ૩૬૨
જગમાં મોટાં માનવી પશુ પંખીથી ગણાય
પણ તસ ગુણ જોતાં અહાં અવળો એ અન્યાય, ૩૬૩
ગુણ કીધોજુલે નહિ પશુ પંખી જગમાંય
પિનુ તરણા ખાઇને દુગ્ધ દિયે દુઃખ જાય. ૩૬૪
અરવ શ્વાનને ગજવલી મહીષ મહીષી બેલ
ગુણ કીધો ભુલે નહિ પણ માણસ મન મેલ. ૩૬૫

માલિનિ.

નિજ હિતકરવાને અન્યનો ધ્વંશ થશે
પરહિત કરવાતો સ્વાર્થ પેલો સધાયે
જગ જન મન એવા શબ્દ જોતાં જણાયે
પરહિત કરવાને આજ કોઈ ન ધાયે. ૩૬૬

વસંત તિલકા છંદ.

તું ભુપતી ભૂવનમાં, અતી જોર ભાસે,
દેતાંજ જીવિત મને, જગ કીર્તી ગાશે
હૈયે દયા દીન તણી, નવસી લગારે,
શીકીર્તિ તારી વધશે, જગમાં અતારે. ૩૬૭

આવ્યો ધરી જીવિત રક્ષણુ આશધારી
તું ભૂપતી શરણુ રક્ષક એક ભારી
આવ્યો વિચાર કરીને બહુ દૂર દ્રષ્ટી
મત્યું પરંતુ ન ચુકે સહસા અદ્રષ્ટી. ૩૬૮
આપોજ નિશ્ચય સમસ્ત સભાજનોનો
જેવોજ ભાવ દિસતો તુજ ચિત્તમાંનો
માનું નહોય જરી રાજન અત્ર તારો
કીધાજ કર્મ કદી ભોગવેજ આરો. ૩૬૯
બોલે કપોત પામર પક્ષી આવ્યું
ધારી સમર્થ તુજને મમ ચિત ભાવ્યું
મારોજ રક્ષણુ કરો જીમ દીલ ભાવે
તારા વિના જગતમાં નહિ કો બચાવે. ૩૭૦

દીર્ધાયુ કાજ જન અમ્રત પાન કીધું

તે આજ્ઞો જીવિત જો ક્ષણમાંય લીધું
કે માત તાત શિશુની કરશેજ ઘાતો
તેનો ઉપાય નહિ દિસે જગનાથ તાતો. ૩૭૧
દેશોજ રાય બુદ્ધી આ રીપુ હાથમાં જો,
તો કોણ રક્ષણ કરે મમ પ્રાણ તાજો
કીજે વિચાર શરણાગત હેત જાના
એ ન્યાય માન્ય કરશે કદીના વિધાતા, ૩૭૨
મારા વિના મમ સુતો ક્ષણના જિતાવે
આ ગર્ભિણી તનુ તજી પરલોક જાવે
આવી ચડયો કઠીણ કાળ હાલા ભુપાળા
આ બાળ ઘાત કરવી ન ઘટે દયાળા. ૩૭૩
હૈયે દયા દીનતણી તુજ ચિત્ત જાણી,
આવ્યો અનાથ ચરણ પ્રભુ પ્રેમ આણી;
તું રાય રક્ષણ કરે જગ સર્વ પ્રાણી,
જેવી રીતે જલનિધી સરીતા સમાણી. ૩૭૪
રંગપુરા લહુ પ્રભુ તુજ છાંય હેઠે,
આકાશને નમ લહે સુખ આપ બેઠે;
મોટાતણા દુઃખ સહુ પળમાં નિવારો,
તો નાથ પાગર મને કિમ ના ઉગારો. ૩૭૫
હે રાય આશ્રય યથા જગને તમારો,
પુત્રો વધૂ મમ તથા કરતા ઉગારો;
જો ઘાત થાય મમનો ન જીવે લગારે,
એવા અનાથ શિશુ રાય રક્ષા વધારે. ૩૭૬
હે રાય આનુ મજને નથી લેશ પ્યારું,

મારી દયા કુટુંબની જીવ આશ ધારૂં;
તેમો પ્રભુ દીન દયાળુ સમર્થ રાયા.
રાખે ન કો તુજ વિના મમ અલ્પ કાયા. ૩૭૭
આ જન્મ વેર નજરે દિઠું ના સહાયે,
શા બાટ પૂર્વ કરમે અહીં તો ઘડાયે;
સૂઝે ન માર્ગ મુજને પ્રભુ અત્ર એક,
મારૂં જીવીત પ્રભુ આ દઉં આજ નેક.
જો આપ દેહ મમરાય અરીજ હાથે
તો કાય આજ પડશે પળમાં સનાથે
જાગે નહિં રીપુ તણા કરમાંજ કાયા
આ પાપ આજ પડશે તુજ શીર રાયા. ૩૭૮

ભુજંગી છંદ.

કપોતા તણી વાતને રાય જાણી
વશી ભૂપતી ચિન્ત ચિંતા અજાણી
ટળ્યાં ના ટળે ભાવિ ભાવો સદાએ
કરૂં પંખી બંને સદા સુખ થાએ. ૩૭૯
ઉપાયો રચ્યા શોધ એકેજ નાહિં
હવે તો કરૂં કેમ આ કાર્ય માંહી
કરેછે વિચારો જીયાં ભુપની તે
પ્રિયાપાત્ર વાણી મધુરીજ ભાષે. ૩૮૦
વધુ સત્યવંતી વદે ભૂપતીને
અહો ધન્ય આવી દયાની ગુણીને
સુણો રાજ યુક્તિ કહું એક સારી

ઊંચાખ્યા કપોતા બીચોને ઉગારી. ૩૮૧
ચહે માનવીમાંસ આ શ્યેન પક્ષી
દિયો છેદી કાયાજ મારી સુદક્ષી
મુકી અન્ય વાતો કરો કાર્ય એવું
પતી સત્ય રાખીજ સૌભાગ્ય લેવું. ૩૮૨
રખે લેશ આશંક થાશો કૃપાળા
ખરે આશ પુરો મુકી અન્ય ચાળા
ચીરંજીવજો આપું આશીષ મારી
કરો કાર્ય સારા સદા સુખકારી. ૩૮૩
સતી એમ બોલી ધસી ક્રોર લેવા
હહાકાર વ્યાપ્યો ધસ્યા લોક તેવા
ધર્યા હાથ રાયે સતીનાં તિવારે
મળી લોક રાણી સાંતો નિવારે. ૩૮૪
દીઠું એ સતી સત્ય શ્યેને જ્યારે
ધરી ચેતના ને વદે વાત ત્યારે
જુએ નામને માંસ 'નારી તણું' એ
પુરૂષોતણું માંસ તાજુ જુએ છે. ૩૮૫
સુબુદ્ધી સુમંત્રી સુણી એમ બોલે
જુઓ ચોર છે એક દોષીત કાલે
લઈ માંસ આપો દીયો પંખીડાને
ટળે વિઘ્ન આરી ચડયું આ ઠિકાને. ૩૮૬
સુણી મંત્રી વાણી થયા લોક રાજી
કહે લોક એવું કરોને પિતાજી
સિંચાણો વદે ના ખપે માંસ એવું

સજીવોતણા માંસથી તૃપ્ત થાવું ૩૮૭
સૌં આણા તણી વાત એ સાંભળીને
થયા ખિન્ન લોકો સહુ ત્યાં મળીને
થયો ક્રોધથી વ્યાપ્ત સુબુદ્ધી મંત્રી
વળી ચક્ષુ કાઢે સહુ રાજ્ય તંત્રી. ૩૮૮
અહો મૂર્ખ શીરોમણી પંખી દીસે
કહ્યું ના રૂચે કોઇનું એક બીજે
ઘટે ભક્ષ દેવો નહિ મુઢ પ્રાણી
મરે કે જીવે આપણું શું કમાણી. ૩૮૯
કૃપાસાગરૂ ભૂપતી ચિત્ત માંહે
નહિ ક્રોધનો લેશ આવે જરાએ
થઇ શાંત આશ્વાસ દે મેઘરાજા
કહું ભક્ષ ઇચ્છીત આ માંસ તાજા. ૩૯૦
કહી એમ લીધી છરી જોર આણી
મુકે માંસ કાપી તુલા અલ્પ જાણી
તથાપી તુલામાં ઘટે તોલ ઝાઝો
ભરી ધીર કાપે વળી માંસ તાજો. ૩૯૧
હજુ તોલમાં તો દિસે છે ઘટાડો
અહો દેવ માયા ભણું ભૂપ ટાઢો
થઇ ખોખરી રાયની શુભ કાયા
રહ્યાં હાડને ચામડાતો ચિરાયા. ૩૯૨
જુએ તો પ્રતિજ્ઞા પળે એમ નાહિં
વ્યથા કારમીરાયના ચિત્ત માંહી

ત્યાંથી નહિ સત્યનો લેશ ત્યાગે
તજી કામ આપી દઉં એમ માગે. ૩૯૩
સિંચાણુ કહે રત્નકથી ભક્ષ મારે
કદાપિ ન સંકલ્પ ચિત્તે વિચારો
મને ના રહી આશ આ દેહ ધારી
બચાવો પ્રતિજ્ઞાથકી આર્જ મારી. ૩૯૪
અહો ધન્ય, રે ધન્ય તારી પ્રતિજ્ઞા
ચિરંજીવ રહો ભૂપતી એજ આશા
સિંચાણો થઇ દેવ રૂપે પ્રકાશે
પડી પાય ને હાથ જોડીજ ભાસે. ૩૯૫
યથા કીર્તિ તારી સુણી દેવ લોકે
તથા આજ દીઠી અમારી વિલોકે
ખરે ઇષ્ટ પ્રાપ્તી મહા રાય રાણા
ખરો આ યુગે યુગ તારા ગવાણા. ૩૯૬
કહી દેવ એ બે ગયા દેવ*લોકે,
પ્રશંસા વધી રાયની ચૌદ લોકે
કરે સેવના ભક્તિ ભાવે સુદેવો,
કહે ધન્ય છે રાજવી ઇન્દ્ર જેવો. ૩૯૭
પરીણામ રાજા તણા શ્રેષ્ઠ એવા
થયા બંધ ત્રીલોકના નાથ જેવા
શાંતી તણા નાથનું નામ ધારી
થયા ચક્રવર્તી વળી ધર્મ ધારી. ૩૯૮
તજ્યા બાપ ને અન્ય જીવો ઉગાર્યા,

કર્યો મોહના ચોહને શુદ્ધ આત્માં ૩૯૯
મુની માર્ગ શ્રેષ્ટ બતાવી સુજ્ઞાને,
થયા પારગામી સદ્ધસિદ્ધ ધ્યાન. ૪૦૦
કરી આઠ કર્મો ક્ષયે પાર પામ્યા,
વળી જન્મ મત્યુ જરા દુઃખ વામ્યા
બિરાજે મહાનંદથી મોક્ષ સ્થાને,
નમો તેહને નિત્ય હોજો પ્રભાતે. ૪૦૧

દોહા.

અલ્પમતીથી વર્ણવ્યું અલ્પ કપોતાખ્યાન
દયા ભાવની દ્રઢતા મુખ્ય બતાવ્યું જ્ઞાન. ૪૦૨
દયા કલ્પ તરૂ વેલડી દયા ધર્મનું મુળ
દર્શન સર્વે વરણુવે દાન દયાજ અમુલ. ૪૦૩
પરની પીડા નવ લહે મુરખના સરદાર,
આપ સમું જગને ગણે વિરલા આ સંસાર; ૪૦૪
સમજી જે જન ભાવથી પાળે અહિંસા ધર્મ.
અલ્પ ભવે તે પામશે સહેજે શિવપુર શર્મ. ૪૦૫
કાવ્ય કવિતા તો નથી ભાષાનું નહિ જ્ઞાન;
સિધું સરળું વર્ણવ્યું બાલ પણે અજ્ઞાન ૪૦૬
દોષ જુઓ જો એહમાં પદ પદ ખાંમી અનેક,
ગુણ ગણુ તો દુર રહ્યા લેશ રહસ્ય ન એક; ૪૦૭
તોપણ સજ્જન આશરો બાલ જીવને કાજ.
રચના કુડી જાણીને આપ બંધાયો લાજ ૪૦૮

ભણતા ભણતા આ લખ્યું જ્ઞાન કહ્યું નહિ લેશ,
વાંચી શાંતી ધરીઅને પ્રગટ્યો હર્ષ વિશેષ; ૪૦૯
મ્હેસાણા ગુજરાતમાં ગામ નામ વિખ્યાત.
શિષ્યપદે રહેતો થકો ભણતો રોજ પ્રભાત, ૪૧૦
આશય સુજને ત્યાં મળ્યો શિખ્યો વ્યાકરણ લેશ;
વેણીચંદ વિરાજતા શેઠ સુજ્ઞાની વિશેષ. ૪૧૧
તેહની છાયામાં રહી ત્યાં એકાદસ માસ,
રાજકોટ સ્વદેશમાં સર્વ કુલીમય આશ; ૪૧૨
શેઠ જ્યાં અમરશી વસે કરે દયાનાં કામ.
મંઘી સુત મોહન લખ્યું કપોત તણું આખ્યાન] ૪૧૩
સિદ્ધિ શરીર નિધિ શશી સંવતનો સંકેત;
જોતા સુખડાં વાંચજો અંતરનું એ હેત. ૪૧૪

સમાપ્ત.

શ્રી

આત્માનુભવ ષષ્ઠિ શતક.

દોહા.

આદિ અંત શ્રુત મધ્ય જે, જિન ચોવિશ ધરૂ ધ્યાન;
સહજાનંદી અનુભવી, ત્રિભુવન કિર્તિ અમાન. ૧
અજર૧ અવિનાશી અકળ જે,૨ અલખ અગોચર રૂપ;
તસપદ પંકજ૪ લીનતા, ચિદાનંદ ચિદ્રુપરૂપ ૫ ૨
વીણા પુસ્તક ધારિણી, અલ સુતા૬ ચિત ધાર.
બાળ જાણી મુજ દીજીએ, અનુપમ વચન વિચાર. ૩
અનુભવ રહસ્ય અગમ અતી, મુઢ મુજ મતિ અતિ મંદ;
આતમ બોધન કારણે લખું અનુભવ બિંદ. ૭ ૪
અનુભવ રસ જે ઘટ૮ વિષે, લખિયો કહી ન લખાય;
નિજ અનુભવ લવ લેશથી, આતમ સ્થિરતા થાય. ૫
કેવળને૧ શ્રુત૨ જ્ઞાન બીચ, આતમ અનુભવ સ્થાન;
જેવી સંધ્યા પેખીએ ચાખિક દિન અવસાન.[3] ૬

---

૧ જન્મ મરણ રહીત ૨ જેણી કળાય નહિ એવા ૩ દેખી શકાય નહિ એવા ૪ ચરણ કમળ. ૫ આત્મ સ્વરૂપી ૬ સરસ્વતી ૭ સાગરમા એક બિંદુ સમાન ૮ અંતરમાં.

૧ ચરાચર વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન ૨ શાસ્ત્રનું જ્ઞાન ૩ રાત્રી ૪ અંતે

વસ્તુ વિચારત ધ્યાવતા, ચિત્ત પામે વિશ્રામ;
રસરસ સ્વાદત ભોગીએ, અનુભવ એનું નામ. ૭
શ્રવણ મનન શુદ્ધ વસ્તુનું, એક રૂપ ઉપયોગ.
પરમ પિયુષ[૫] રસ લીનતા, એહિ અનુભવ યોગ. ૮
અનુભવ ચિદાતમપદ, ધ્યાન વિજ્ઞાન પુરાન;
અનુભવ જગત પ્રમાણ છે અનુભવ એ ભગવાન. ૯
સકલ શાસ્ત્ર રસ મંથને, અનુભવનો ઉદ્યોત;
આતમ અનુભવ માત્રથી, પ્રગટે કેવલ જ્યોત. ૧૦
ક્યાં શુદ્ધ અનુભવ મગનતા, ક્યાં સુખ તન ધનનાર;
ક્યાં રસ પિયુષ પયોદધિ[૬], લવણ[૭] બિંદુ ક્યાં ક્ષાર. ૧૧
અનુભવ એક અનુપ સ્વરૂપ, સકલ વિભવ સંયોગ;
રિદ્ધિ સિદ્ધિ અનુભવવિણું ભોગ્ય જોગ ભવરોગ. ૧૨
આતમ શુદ્ધ વિભાવતા, એ અનુભવ નહિ ઓર:
સુરતરૂ[૧] સમતરૂ અન્ય ક્યાં થાય કહો કિણ[૨] ઠોર. ૧૩
રાગ રોષનો વાસ જ્યાં અનુભવ નામ ન હોય;
અથવા એક બનાવજો, સુધા[૩] હલાહલ[૪] હોય. ૧૪
અનુભો સુધારસ કૂપ છે, અનુભવ તો સુરધેન. [૫]
અનુભવ મોક્ષ સરૂપ છે, વળિ ચિંતામણી રેન.[૬] ૧૫
કેવળ દિગ્દર્શન કહ્યાં, સમસ્ત શાસ્ત્ર વ્યાપાર;
નિર્દ્વંદ્વ [૭] અનુભવ વિણું, લાધે નહિ ભવપાર. ૧૬

---

૫ અમૃત ૬ સાગર ૭ ખારો સમુદ્ર
૧ કલ્પવૃક્ષ ૨ કોઈ સ્થળ ૩ અમૃત ૪ ઝેર ૫ કામધેનુ ૬ રત્ન
૭ સુખદુખ વિગેરેમાં સમભાવવાળા

નહિ ક્રુપતી જાગતી, સંકલ્પથી અતીત:
ઉદાસીન સ્વભાવતા આતમ અનુભવ રીત. ૧૭
અનુભવ રસ પરંગટ થયે, લખે સુપન સંસાર;
તનધન યૌવન સંગ જે, સંધ્યા રંગ અસાર. ૧૮
શાંત દાંત ગુણવંતને, સંત સમાગમધાર;
વારે વિષય કષાયને, ઉપશમ રસ ઝિલનાર. ૧૯
પર નિંદા ચિત નવી ધરે, નિજ નિંદા શમ[૧]ધર;
વિકથા ૨ ચાર પરીહરીૐ, કર્માગમન વિદારજ. ૨૦
હર્ષ શોક એક રૂપ ગણે, મિત્ર અરી[૫] નહિ ભેદ;
નિસ્પૃહતા૬ પરપુદ્ગલે, ગાન મહાગજ૭ છેદ. ૨૧
ભવ ભય ભીરૂ૮ ભાવના, ક્ષણ ક્ષણ ગોક્ષની હોય;
એવા ગુણનો આગરૂ ૯ આતમ ધ્યાને જોય. ૨૨
વિક્ષિપ્ત ૧૦ યાતાયાતચિત, ન ઠરે આતમ ધ્યાન;
સુશ્લિષ્ટ૧૧ ચિત્ત સુલીનએ, સચ્ચિદ અનુભવ જ્ઞાન. ૨૩
નિશ્ચે અનુભવ રંગ વિણ, વ્યવહારે નહિ શાચ;
મણી કહે કો કાચને અંત કાચ તે કાચ. ૨૪
ખાનપાન સુખ બાળને, તરૂણ સંભોગે જોર;
આતમ અનુભવ રસ તણો મગન ભાવ છે ઓર. ૨૫

---

૮ ઇંદ્રીયદમન કરનાર ૯ સમતા.

૧ સમતા ૨ સ્વાર્થ વગરની વાતો ૩ તજી ૪ આટકાવો ૫ દુશ્મન ૬ ઇચ્છા નહિ તે ૭ હસ્તી ૮ બીકણ ૯ ભંડાર ૧૦ ચલ વિચલ ૧૧ ઉંચા પરીણામવાળુ.

બહિર અંતર પરમાતમા, આતમ એ ત્રણ ભેદ;
તન ધન જન બહિરાતમા, સાધિ કાજ કર ખેદ. ૨૬
દેહાદિક સાક્ષાસતા[1] અંતર ખિર[2] નિરકર્મ
ભરમ કરમ મલ રાખ ગત શાશ્વત શુધ તે પર્મ. ૨૭
બહિરાતિમ વરતિએ (જેમ) ધાત્ર[3] ખેલાવે બાળ;
પરમાતમપદ લીનતા તુટે અંતર જાળ. ૨૮
આતમ અનુભવ રસવિણ સુખ ત્રિભુવન મોઝાર;
સુખ વંછી નવિ જાણજે, એજ મહંત નિરધાર. ૨૯
આતમ જ્ઞાનના યોગમાં પ્રગટ્યો અવિકલ્પ રંગ
ઇંદ્રજાળ કરી લેખવે સહુ પુદગલ જડ સંગ. ૩૦
થીર કરી ચિત ચપળતા ઇંજ્ઞાન ધ્યાન રસલીન;
ચિદાનંદ અંતર ધરે, વિકલ્પતા છિનભીન. ૩૧
વરતે અનંત ગુણ આતમા સુખ શાંતી ભરપુર;
તસ અનુભવ ચિત રમણતા, કરમ ભરમ ચકચૂર. ૩૨
સુમનમાંહ સહજ[7] સુગંધજયું કાસ્ટ[8] જીમ નહિ આગ;
તસમાંહે તેલ વાસજ, તનતિમ આતમ જાગ. ૩૩
પુદગલ સંગ નિવારીને આતમ શોધન લાગ;
સુખ દુખ સમ ભાવી રહી, જન્મ મરણ કર ત્યાગ. ૩૪
અંધ બનિ મોહ જાગમાં દેખે વિપરીત ભાસ
મારું અવર તું શું કરે, તારું તારી પાસ, ૩૫

---

૧ અમલ ટરનાર ૨ દુખ ૩ ધાત્રમાતા ૪ મોટા ૫ કદી ન છુટે એવા ૬ પુષ્પ ૭ સ્વાભાવીક ૮ લાકડું.

બાગ૧ જ્યો નિજગોદમાં,૨ ફુલત ક્યાં ચિદ્રુપ કિંસ;
દુર નહી એ ઘટ વિષે, પરમાતમ પરમીશ. ૩૬
ભજન મનન પ્રશંસન૩ કરન પુજન વંદન નમન;
વંદન પઠન પઢાવનં, ઉપદીસન બહુ કામ. ૩૭
કામ થાય ને કામનું, નામ સકામ નકામ૪
ઠામ ઠામ૫ નહિ કામના, અનુભવ રમતા રામ. ૩૮
મમત જાલે ડસીરહ્યું ચિત્ત રહે નવિ ઠામ;
સુકતી કરીને સાધતાં, નિજ ગુણ રમતા રામ. ૩૯
સુખ વંછે જીંહુ લોકજન સુખ તસ શુધ મન હોય;
અનુભવ આપ વિચારી લે મમત કુમત મદ ખોય. ૪૦
જ્યાંલગી નહિ મનશુદ્ધતા શુદ્ધિ અવર જંજાળ.
નિંબ૧ તરૂ બીજ અંતરે નિશ્ચે કટુજ૨ નિહાળ, ૪૧
ત્રિવિધ તાપ પકાવનાર ક્ષેત્ર ચિત્ત સંસાર;
જ્ઞાનાદીત્રય૩ રત્નદગ આતમ ક્ષેત્ર નિરધાર. ૪૨
વિકલ્પ વાસિત ચિત્તડું, છે સંસાર નિદાન૪;
ક્લેશ રહિત મન જાણીએ, પરમાનંદ નિધાન. ૪૩
ચિત્ત પ્રભુ જે૫ ન આતમા વિષય વિકલ્પ વિભાવ;
નિશ્ચે ઉદાસીનપણે, જાગે સહજ સ્વભાવ. ૪૪
ચિદાનંદમાં મગનતા અમનસ્ક૬ પરીણામ;

---

૧ બાગ ૨ કાખમાં ૩ પ્રશંસા કરવી ૪ જેને ૫ આબરૂ. ૬ મેલ,
૧ લીંબડો ૨ કડવો ૩ સમતા. સમ્યક, દર્શન, સમ્યક, ચારીત્ર ૪ કારણ ૫ જોડે ૬ નિર્વિકલ્પ

એકજ અનુભવ લીનતા, પરમાતમ અભિરામ ૭ ૪૫
વિકલ્પ વાસન વરતતાં, અપમાનાદી દોષ,
નિરવિકલ્પ નિઃકામતા, કરે કરમનો શોષ ૪૬
પરપરિણુતિ પરસંગથી, ઉપજત વિણુસત જીવ ૮;
આપ સ્વભાવે ખેલતા, અચળ અબાધિત શીવ. ૪૭
નાનો મોટો તું નહી, જોગી ભોગી નકોય.
રાવ રંક આપણુ નહી, સુખ દુખ રાગી નોય; ૪૮
વરણુભેદ ભ્રાંતી નહી, ઉપજત વિગુસત નાહિ;
અચળ અકળ અવિનાશીતું, સમજ ચેત ચિતમાંહિ. ૪૯
નિશ્ચે નિજપદ લીનતા, લોકિક કારજ ત્યાગ;
ધ્યાન સમાધી લીનતા, પરમ સિદ્ધપદ રાગ. ૫૦
શ્રવણુ મનન ચિંતન કરે, અહનિશ એહીજ ખેલ;
ક્ષુધા [1] પ્યાસનું [2] ભાન નહિ, ભજી એક રંગરેલ. ૫૧
જગત નયન આનંદ મય, ચેતન જ્ઞાન નિધાન. [3]
અજર અમર નિરવિકલ્પી, તાસ અનુભવધ્યાન; ૫૨
વર્તે આતમે એકયતા, તનમન વચન અતીત.
તિમ તિમ અનુભો રમ્યતા, ભેંર ઉંડે સુણુ મીત; ૫૩
ગુણુ પર્યાય અભાવતા, અનુભવ એક વિરૂપ.
રેલ છેલ રસ રંગતા, આપ આપમાં ખૂપ; ૫૪
દરસન [ ]ન ચરણુતણી, એક દશા થઈજાય,

---

૭ સુંદર ૮ મોક્ષ.

૧ ભૂખ ૨ તરસ ૩ સમૂહ ૪ વસ્તુના જુદા જુદા રૂપ જેવે માનાના દાગીના.

અનુભવિ આતમ દ્રવ્યનો, અવિચળ પદમ મહારાય. ૫૫
પુદ્ગલ ભાવ પરીહર્યો. પ્રગટયો શુદ્ધ સ્વભાવ.
અકથ [1] કથા તારી થઇ, અનુભવ રંગ જમાવ; ૫૬
સોપાધિક [2] મન દુર રહે, વિષય કષાય વિનાશ.
જીતિ ક્રોધાદિક ષટ્‌રીપુ [3], તુટે ભવ ભય પાસ; ૫૭
આતમજ્ઞાનમાં મગનતા, ભવ ભમ નિત્ય ઉદાસ.
રહે નિરંતર સમરસી, ઇંદ્રાદિક તસદાસ; ૫૮
ઉપશમરસમાં ઝીલતા, ત્રુટે પરની આશ.
આશા વિષય વિકારની, કેવળ જગમાં ફાંસ; ૫૯
મચે સુમતિરસ જ્ઞાનમે નચે નહિ પર આશ.
રાચે સાચે ધ્યાનમે, આતમ અનુભવિ ખાસ; ૬૦
સુખ દુખ અવસર સમગણે, રુપ્ય [4] કનક પાષાન [5].
નિંદક પૂજક [6] તૃણમણી સમચિત માન અમાન, ૬૧
જીવિત મૃત્યુ અરતીરતી, સમ સંયોગ વિયોગ;
હિતાહિત સંસાર મોક્ષ, નિ-સ-રસ ભોગા ભોગ. ૬૨
ગુણ અવગુન મન સમધરે, સમ સરવે જગજંત;
સ્વર્ગ મુક્તિ દૂરે રહ્યાં, સુખ ભોગે ઇહસંત [1] ૬૩
ઇંદ્ર ચક્રી સુખ ભોગતા, જે તૃપ્તી નવી થાય;
તે સુખ ગુણ એક બીષમાં, અનુભવ ધ્યાને આય. ૬૪
અનુભવ વિણ નવિ જાણિયે, અંતર તાસ વિભાવ;

1 નકથી શકાય એવી 2 ઉપાધીવાળું 3 ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ 4 સુવર્ણ 5 પથ્થર 6 તણખલું.
1 આ લોકમાં 2 જયાચારણાં.

શ્રૃંગે ગોળ ગળ્યાપરે, મુખે ન જાય કહાવ ૬૫
પિંડ પદસ્થરૂપસ્થને, રૂપાતીત ચઉધ્યાન;
શ્રુત ગમ વિધિ આરાધતાં, કેવળ મુક્તિ-નિદાન ૬૬
સુંશ્લષ્ટ ચિત્તસુલિનપણે, ધરમ શુકલ શુદ્ધ ધ્યાન;
ઇંદ્રીય અનભિલાષતા, આતમ તનમનતાન. ૬૭
આજ્ઞા પાય વિપાકને, તુર્ય વિચય સંસ્થાન;
લેશ્યા શુદ્ધ વિશુદ્ધતા, ધરમ વિરાગે ધ્યાન. ૬૮
પૃથક એકત્વ વિતર્કને, સુક્ષ્મ ક્રિયાપ્રતિપાત;
શુકલ ભેદ ચોથો કહ્યો, ઉચ્છિન્ન ક્રિયા (અ) પ્રતિપાત. ૬૯
ધર્માલંબન ધર્મ ધ્યાન, ઉત્તંગ[૧] આપે સ્વર્ગ.
શુકલ સાધિ કેવળ લહી, સિદ્ધાનંદ અપવર્ગ[૨]; ૭૦
વિષય મલ આલવાલનો[૩], ભોગે નવિ જંબાલ[૪].
દુર્ધ્યાન પ્રેત છળે નહિ, આતમરાજ મરાલ[૫]. ૭૧
યમ નીયમ આસનકરણ, ચતુર્થ પ્રાણાયામ;
પ્રત્યાહાર ને ધારણા, ધ્યાન સમાધી નામ. ૭૨
સર્વ દર્શન વરણવે, એ અડયોગ સુધામ;
બહુ વિધ ભેદ પિછાણીએ, સકળ સિદ્ધિના ઠામ, ૭૩
સમીર[૬] પાંચ શરીરમાં, પ્રાણ સમાન અપાન,
ઉદાન વાયુ ચોથો કહ્યો, પંચમ જાણ અવ્યાન; ૭૪
અનિલ[૭] ચિત્ત સમ સંચરે, મન સમીર સંયોગ.
તાતે પ્રાણાયામથી, વાયુ સાધન યોગ; ૭૫

---

૧ ઉંચું ૨ મોક્ષ ૩ ક્યારો ૪ કચરો ૫ હંસ ૬ વાયુ ૭ વાયુ.

રેચક પૂરક તીસરો, કુંભક એ સમીર,
શાંતિક સમતા એકતા, ધરે લીનતા ધીર; ૭૬
પૂરક વાયુ પૂરનો, કુંભક સ્થિરતા હોત.
રેચક બાહિર નીસરે, શાંતિક પ્રગટે જ્યોત; ૭૭
સમતા ચેતક આતમાં, મન વચ કાય નિરોધ.
રમતા એકલ ગુણચિરી, લીન સમાધી બોધ; ૭૮
નિશ્ચે રૂચિ વહારથી, પ્રાણાયામ વિચાર.
નિશ્ચે નિજ ગુણજ્ઞાનમે, લીનભાવ વિસ્તાર; ૭૯
યોગ સમીર સરૂપતો, અકલિત અગમ અપાર.
અલ્પમતિ જાણું નહી, કિંચિત તાસ પ્રકાર; ૮૦
નિશદિન ધ્યાન અભ્યાસથી, જો ચિત હોવે થિર;
વિરલાનોકો પાવતા અનુભવ લેશ સમીર. ૮૧
આતમ અનુભવ લેશથી, કરમ અઘાતિ વિનાશ;
અલ્પ સમયના અનુભવી, પામે શિવપુરવાસ. ૮૨
શુદ્ધાતમ અનુભવ ભયો, નિજરૂપ રંગ વિલાસ;
કરમ ભરમ મળ દુર ગયે, કનકપરે રૂપતાસ ૮૩
પરમારથ પથ પગ ધરી, રંજે નીજગુણ રંગ;
યોગી સર વિરલા લહે, નિશ્ચે અનુભવ સંગ ૮૪
બારે પીળા ચીઠવો, કનક પર્યાયસરૂપ;
પર્યાય દ્રષ્ટીનીવારતા, ચિદ્ઘન શુદ્ધ અનુપ. ૮૫
પરમાતમ અનુભવ વિષે, નહિ નિક્ષેપ પ્રમાણ;

---

૧ અટકાવ ૨ કઠીણ ૩ મોક્ષ.

નય[1] ગમ વાદ અસિદ્ધમાં, અનુભવ સિદ્ધ પિછાણ, ૪૬
ધ્યાતા ધ્યેય નીએકતા, વિગત વિભેદ વિભાવ.
સરિતા[2] જળનિધિમાં[3] મિલે, તજ સહુ એકજ ભાવ[4] ૪૭
પુદ્ગલ સંગ વિભાવતા, લેશ ન વેષ સરૂપ;
એક પરબ્રહ્મ ધ્યાતતા અનુભો દિસે અનુપ. ૪૮
સમાધિ વૃતિમેં નવિ હુવે, પર પુદ્ગલ પરિણામ;
લક્ષણ વિધિ કેમ સંભવે, વસ્તુ વિન જીમ નામ ૪૯
વ્યવહારે લખ રાચતાં, સાધે નહિ કછું હાથ;
પરમારથ પદ પરખતા, નાવે દુવિધા સાથ ૫૦
જ્ઞાનાનંદે મગનતા વિગત સકલ ઉપાધિ;
અતિંદ્રી ગુણનો આગરૂ, પરમાતમ પદસાધિ. ૫૧
ભવવન ભરમે ભૂલતો પાવે નહી સ્થિર ઠોર
અનુંભવૈક ધ્યાને રમે, સો પરમાત. દોર. ૫૨
જ્ઞાન ક્રિયા હય[1] જોડીને, દેહરથા રૂઢ રાજ;
મુક્તિ પંથમે ચાલતા, કંટક[2] વ્યાધિ ન બાજ. ૫૩
નૃપ વેશાંતર[3] પછી લહે, સિંહાસન સંભાળ;
તિમ પર ભાવે ગત ભરી, નિજપદ લહે નિહાળ. ૫૪
પંકજ પંક[4] વિષે વસે, સ્પર્શે નહી લવલેશ;
હેમ[5] રહે જે જગ મધે, કાટ લગે નહિ અંશ. ૫૫
વિધવિધ રસ આસ્વાદતી, રસના[6] લુખી જોય;
તિમ અનુભવી કરણી કરે, અહનિશ અલિપ્ત હોય. ૫૬

---

૧ અપેક્ષા ૨ નદી ૩ સાગર ૪ પ્રવાહ

આ વન ભરમે ભૂલતો, પાવે નહિ સ્થિર ઠોર;

૧ ઘોડા ૨ કાંટા ૩ વેશ બદલીને ૪ કાદવ ૫ સોનું ૬ જીભ

નટ બહુ વિધ રૂપ ધરે, રાય-રંક કેવાય;
આપહિ આપ દશા ભજે, કુણ કુળ જાત જણાય. ૯૭
તિમ વિધ વિધ રૂપ આચરે, ચેતન પુદ્ગલ સંગ.
ન્યારો અલખ તું શોચસે, અલખ રૂપ નિજ રંગ. ૯૮
આતમ અનુભવ ભાવથી, એક ચેતનાધાર,
પુદ્ગલ જડ સંયોગથી, પામ્યો ગતિ વિસ્તાર. ૯૯
આતમ વસ્તુ વિચારતાં, ભરમ ટળે ભવિ લોક;
પ્રગટે પરમાતમ દશા, ચિદાનંદ ઘન પોષ. ૧૦૦
પ્રગટ તત્વને ધ્યાવતાં, આપ તત્વ જો ધ્યાન;
તત્વ રમણ એકાગ્રતા, પૂરણ તત્વ સમાય. ૧૦૧
જ્ઞેય[1] જ્ઞાન અસંખ્યકો, જ્ઞેય નાશે નય નાશ,
વસ્તુ જ્ઞેયનો કાળ વશ, આતમ નય અવિનાશ. ૧૦૨
વિવેક હિરદે ધારકે, જ્ઞાન દ્રષ્ટિથી દેખ;
આતમ દેહ વિભાવના અહિ[2] કંચુક[3] જ્યું પેખ. ૧૦૩
શોધક ધાતુ કુધાતુકે, શોધે કસોટી ભાવ;
દેહ જ્ઞાન કસોટીથી, શોધ સ્વભાવ વિભાવ. ૧૦૪
વિનાશીક પુદ્ગળ દશા, અવિનાશી તું આપ;
આપ સરૂપ વિચારતાં, કાપ પાપ પરિતાપ. ૧૦૫
ચેતન લક્ષણ આતમા, તન ધન પુદ્ગલ નાશ;
તે સંગ નિવારીને, આતમ અનુભવ ચાખ. ૧૦૬
વિષય કષાય વિભાવમાં, ડુબે અથિર અજ્ઞાન;

---

૧ જાણવાજોગ ૨ સર્પ ૩ કાંચળી ૪ દુઃખ

શાંત સુભાવે રાચતાં, અનુભવ શુદ્ધ વિજ્ઞાન. ૧૦૭
અહમમ[1] એ વિકલ્પતા, દાવાનળ જંજાળી:
હું મારૂં જેને નહિ, સિદ્ધિ કર સ્થર[2] સાળ. ૧૦૮
આતમ અનુભવ રસ વિણું, ગ્રંથ ગુંદનછે ભાર;
જ્યુંકો[3] પહુના બેલને, ધરણી કોસ હજાર. ૧૦૯
વિષય કષાય મેં પ્રવૃતી, ચિત ચંચલ ચિંહુ ધાવ;
શાંતિ સદા જસ નિવૃતિ, અવિચળ પદ સોપાય. ૧૧૦
અંતર અનુભવ ખોલતાં, છૂટે મમતા જેળ;
સમ્યક્ અપનો ગુણ ગ્રહે, આતમ અનુભવ ખેળ ૧૧૧
ચઉજ ગવાસી યહ જગત, તિન નહિ તેરો કાજ;
આતમ ઘટ તિન જગવસે, તિનમે તેરો રાજ. ૧૧૨
એક રામરૂપ રસીકતા, જગ નબિંદુ[1] વિશ્રાનામ;
ધ્યાયક[2] ધ્યેય[3] રૂ ધ્યાનમાં, એકલ રમતા રામ. ૧૧૩
તનસર[4] નવ પંકજ વિશે, વાસા હે તુમ હંસ;
શોધી વ્હાં રમતા રહો, અવર નહી અવતંસ[5]. ૧૧૪
જ્ઞાની નિજ ગુણ જ્ઞાનમાં, મગન જયું માન મરાળ;
ચિત્ત ઉદાસ કર નિકરે, જાણે જગ જંજાળ. ૧૧૫
અંધકે કંધ પરિ ચઢી, જેમ પંગુ નર કોય;
ઉનકે દ્રગ[6] ઉનકે ચરણ, મારગપાવે સોય. ૧૧૬

---

૧ હું અને મારૂં ૨ હાથમાં રહેલી ૩ તેવી

૧ બીન્દુ ૨ ધ્યાન રહનાર ૩ ધ્યાનની વસ્તુ ૪ સરોવર ૫ કામ ૬ દ્રષ્ટી

અજ જ્ઞાન ક્રિયા મળી, સાધન હોવે મોક્ષ;
યોગ્યાનાપદ ૭કેસરૂપ, એક ધારતા પોષ. ૧૧૭
કનક મ્યાનના સંગથી, કહે લોહ અસિ હેમ;
અલગ કરીને જોવતાં, ખાંડુ લોખંડ જેમ. ૧૧૮
તિમ અજીવ સંયોગથી, નીચ નરેશનો વેષ;
પુદગળ સંગ નિવારીયો, મુગ જમાત પરમેશ ૧૧૯
જ્યાં પ્રગટે રજની સમે, મૃગાંકતણો ઉદ્યોત;
ધરતી શ્વેત પ્રકાશથી, ચંદ રૂપ નાવ હોત. ૧૨૦
તેમે અનુભવ જ્ઞાનમે, જ્ઞેય વસ્તુ પરકાશ;
વસ્તુ વિભાવ મીલે નહિ, આતમ ધરમ વિલાસ ૧૨૧
પરમ નયન સ્વભાવમે, ન વે વસ્તુ મરમ;
અંતર અનુભવ દ્રષ્ટિમાં, પરમાનંદ અનૂપ ૧૨૨
આતમ ધ્યાને આતમા, પરમાતમ પદ જોય;
ધ્યાન મનન એક વસ્તુકા, સિદ્ધરૂપ ત હોય. ૧૨૩
શુભ સંયોગે પુન્યબંધ, અશુભ યોગથી પાપ;
દોષ રહિત જે શુદ્ધતા, પ્રગટે આપો આપ. ૧૨૪
પુદગળ ભાવ પરી હરી, પર પક્ષ રાગ નિવાર[*]
ચેતન નિજ પદ શુદ્ધતા, અંતર સદા વિચાર. ૧૨૫
ત્રિવિધ રૂપ નિહાળગે, એકજ અનુભવ રાસ;
નિશ્ચે રૂપ આતમાનો, અનુભવ ધ્યાન વિલાસ. ૧૨૬
સગાગ નિગમ[*] નહિ ધરણા, રમજા એકજ ઠોર.
અનુભવ એકત્વ વસ્તુનો પદ સિદ્ધિ પદ દોર. ૧૨૭

---

૭ તલવાર ૮ ચંદ્ર ૯ સંદેહ ૧ દુરકર ૨ મેલી ૩ નાર્મળ

અનુભવ પુરણ સ્વભાવતા, લેશ નહી સંકલ્પ;
અનુભવૈક રસ લીનતા, અકલિત[1] અમલ અજલ્પ[2]. ૧૨૮
જીમ જીમ અનુભો રમ્યતા, વાધે આતમ ધ્યાન;
તિમ તિમ લૌકિક વારતા, ભવ નાટક મન માન. ૧૨૯
જે અનુભવી અવિકલપી, સમરસ સુધા સંયુત
ઉક્તિ[3] ભુક્તિ[4] વૈરાગ્યતા, અલ્પ સમયમે મુક્ત ૧૩૦
સમકાંતિ સમન્વિત્તિ જે, થયો અનુભવ અંકુર,
શુકલ પક્ષ મન શુદ્ધતા, દિન દિન કેવળ નૂર. ૧૩૧
ત્યાગ રાગ પરિગ્રહતણો, મન વચ તન સ્થિર જોગ;
કરમ કપાટ કુલુપ[5] દિયો, વરશિવ[6] વધુ સંભોગ. ૧૩૨
નિરમળ સગુણ સ્વભાવતા, વ્યાપે વિવિધ વીસ્તાર;
વેદ[7] ભેદની છેદતા, વરસે અનુભવ ધાર. ૧૩૩
અન્ય વસ્તુ અપૂર્ણતા, અનુભવ માને પૂર્ણ;
એહ વિલક્ષણ ભાવના, કરમ ભરમ સબ ચુર્ણ. ૧૩૪
ચરમ[1] નયન ઉપયોગીજે, પુદ્ગલ સંગી અંધ.
સહજ વિલક્ષણ તેમનાં, બાંધે મનુષ્ય બંધ; ૧૩૫
જળનિધિ નીર તરંગની, લહરી નીરમ માય;
જ્યોત અમુલક રત્નની, ઉઠ રયણમાં મિલાય. ૧૩૬
તિમ આતમ સંકલ્પતા, બહુધા જડ મેલાપ;
પ્રીતલીન નિજ રૂપમે અનુભવ ધ્યાન કલાપ.૨ ૧૩૭
પારસ ફરસન પામતાં, કચન હોવે લોહ;
પરમાતમ પદ ધ્યાવતા, આતમ શિવપદ ગેહ. ૧૩૮

---

૧ ન કળી શકાય ૨ ન કહી શકાય ૩ વચન ૪ ભોગ ૫ તાળુ
૬ મોક્ષ ૭ પુરૂષ, સ્ત્રીને નપુંસક વેદ ૧ ચર્મ ૨ સમુદ્ર.

ચંદ્રકાંત મણિ રત્નમાં, ઘટપટ રૂપ પ્રકાશ;
પરમ પદારથ જ્યોતિમાં, અનુભવ આપ વિલાસ. ૧૩૯
મનન રટણ એક શુદ્ધતા, કરે શુદ્ધતા કેલિ;
હોય સ્થીરતા શુદ્ધતા, સો મિલ અનન્ત વેલિ. ૧૪૦
મૂળ રૂપમાં મનનતા ભાગી નિજગુણ રાશિ
અચળ અકળ અનભય અખય,[4] પરમ શરમ પદ વાસિ.[5] ૧૪૧
આતમ શુધ અનુભવ જહાં, નહિ આચાર વિચાર;
કરણી કરમ મારગ વિષે, શિવ મારગ શિવધાર. ૧૪૨
અનુભવિ નિજ અંતર કથે, ચેતન રસ ભરપૂર;
મોહ મમત મળ કુપછે, શુદ્ધ રમણ મમ તુર. ૧૪૩
જીમ ઘટ કહીયે નીરનો, નીરન ઘટનું રૂપ;
તેમજ નામ વરણ થકી, ન્યારો ચેતન ભૂપ. ૧૪૪
અનુભવિ અનુભવમાં રમે, અજ્ઞાની અજ્ઞાન;
રાજહંસ માનસરમે, ભુકર ર વિષ્ઠા ખાન. ૧૪૫
અનુભવ રસ ઘટ ઘટ વસે, મન વચ કાય અતીત;
પુર્ણાનંદ સુભાવતા, એ પરમારથ રીત. ૧૪૬
આતમ અનુભવ સાધના, શ્રદ્ધા જ્ઞાન મિલાપ;
જીમ લોચન ન્યારા દિસે, નિરખે જીમ શુધ આપ.[3] ૧૪૭
શુદ્ધ ધ્યાન સાબુ થયો અનુભવ નિરમળ નીર,
ધોબી અનુભવી આતમા, ધોવે નિજગુણ ચીર ૧૪૮

---

૩ સમુદાય ૪ ક્ષય ન થાય એવું ૫ ઉતમ મોક્ષપદ

માનસરોવર ૨ કાગડા ૩ આરીસો ૪ જલ.

પ્રભુ સમરન પુજન પઠન, વિવિધ ધરમ વ્યવહાર;
નિશ્ચે શિવ રૂપ આતમા, અનુભવથી નિરધાર. ૧૪૯
આતમ અનુભવ હીનતા, કરમ ભરમનો સંગ;
જીમ સમીર સંયોગ વીણુ, નીરન ચંગ તરંગ. ૧૫૦
હીન ભયો વ્યવહારમાં, એકે અનુભવ હીન;
હીન થઇ પ્રભુ પદ જપે, મુગતી પંથ વિહીન. ૧૫૧
અનુભવ વિણુ જ્ઞાની તણી, સદગતિ કદી નવ હોય;
જીમ ખર[1] ચંદન ભારનો, કેવળ વાહક હોય. ૧૫૨
અનુભવ સુર તરૂ રોપીએ ફળ તસ મુગતી જોય;
આતમ ક્યારી રોપતાં, આંબ વિપુલ ફળ હોય. ૧૫૩
જગત શ્રેય વાંછક ઘણા, પદે પદે સંયોગ;
લોકોતર પદ રમણુતા, વિરલા દીસે લોગ. ૧૫૪
ચટર પટર વ્યવહારીઆ, અગણીત જગતિ માંય;
રત્ન વણિજ વિરલા કરે, અનુભવિ કોઇક થાય. ૧૫૫
જાસ વિષય વિષ તરૂ જલે, ભવભવ ભ્રમણુ વિનાશ;
જાસ અહોનિશ ઉદ્ભવે, આતમ અનુભવ પ્યાસ. ૧૫૬
સુલભ કનક મણી રત્ન બહુ, સુલભ સજન સંયોગ;
નવ નિધિ રિધિ સિધિ સુખ લહે, દુરલભ અનુભવ યોગ. ૧૫૭
વધ બંધન ગ્ર યુ તેણી, અલ્પ વ્યથા અવધાર
આપ અનુભો અભાવતા, ભવભવ દુખ અપાર. ૧૫૮
આતમ અનુભવ ભાવકો, ક્યાં લગિ હોય વખાણુ;
હોય શબ્દમાં જાણીએ, અનુભવ શુદ્ધ પિછાણુ. ૧૫૯

---

1 ગધેડો 2 લઇ જનાર 3 આંબો

મનન રટણ ધર લીનતા, ચપળ ભાવ ઠકરાંઈ;
આતમ અનુભો ધ્યાનમે, અહોનિશ રહો સમાય. ૧૬૦
અનંત ગુનિ આતમ તણો, અનુભવ શિવપુરવાસ;
આર સિદ્ધ પદ ચાહના, વંધ્ય[૧] તરુ ફળ આશ. ૧૬૧
શુદ્ધ અનુભવ કલ્પના, અકથિત અગમ અપાર;
બાળ બુધ્ધ અતિ મંદધી, નાચો અનુભવ ગંધ,
કેવળ આતમ કારણે, લિખો પિયુસ રસ બિંદ. ૧૬૩
કાઠિયાવાડ ભાલકર તિલો[૩] રાજકોટ નગરીશ;
શેઠ અગરશી ત્યાં વસે તસ સુત હું મુધીશ. ૧૬૪
ચારિત્ર વિજય પ્રસાદથી, રચ્યો અનુભવ લેશ;
શ્રાપચોરા પુર રહી, શેઠ વછરાજ સનેશ. ૧૬૫
સંવત ખ[૦] રસ[૬] રસ[૫] શશી[૧] આષાઢી ઘન ઘોર
પૂરણ દૂજ સુર ગુરુ દિને, પઢે વરે શિવ દોર. ૧૬૬
અનુભવ ષષ્ટિ શતક તણા, દોધક[૪] કિયા સુભાસ;
દોધક શોધક સંત જગ, મોહન સેવક તાસ. ૧૬૭

સુર[૨] ગુરુ ધારે વરણવા, કળકુ ન પાવે પાર. ૧૬૨

૧ વાંઝીયુ વૃક્ષ ૨ બૃહસ્પતી

૧ અલ્પ બુદ્ધિવાળો ૨ લલાટ ૩ તીલક ૪ દોહા

સમાપ્ત.